RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 140* Date: 19.03.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં વાયરસના કુલ ૧૫૩ કેસ નોંધાયા, બંગાળમાં પ્રથમ કેસ પોઝિટિવ

## ભારત માટે કોરોના પડકાર: આર્મી જવાન વાયરસની ચપેટમાં

*ન્યુ દિલ્હી,તા.૧૮*

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર જીવલેણ રોગ કોરોના વાયરસ ભારત માટે હવે એક પડકાર બની ગયો હોય તેમ તેની ચપેટમાં આવનારાઓની સંખ્યા વધીને ૧૫૩ પર પહોંચી ગઇ છે. કુલ ૩ના મૃત્યુ સાથે ભયજનક રીતે લેહ-લદાખમાં ભારતીય લશ્કરનો એક જવાન કોરોનાગ્રસ્ત હોવાનું બહાર આવતાં ફફડાટ વ્યાપી ગયો છે. અને આ જવાનના સંપર્કમાં કોણ કોણ આવ્યાં તેની તપાસ આર્મીના મેડિકલ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. ભારત આ રોગના બીજા સ્ટેજમાં છે અને જો તેમાંથી હેમખેમ બહાર નિકળી જશે તો ઇટાલી કે ચીન જેવી ભયંકર સ્થિતિનો સામનો નહીં કરવો પડે. ભારત સરકાર અને રાજયો આ મહામારીને રોકવા યુધ્ધના ધોરણે સંભવિત તમામ સાર્વત્રિક પગલાં લઇ રહી છે. આ રોગના ફેલાવાને રોકવા માટે લોકોને એક સ્થળે એકઠા નહીં થવા માટેના તમામ પગલાં લેવામાં આવી રહ્યાં છે.



દેશભરમાં વધતા કોરોના વાયરસનાં કેર વચ્ચે ભારતીય સેનાનાં જવાનમાં પણ કોવિડ ૧૯ની પુષ્ટિ કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે, આ જવાને ઈરાનની યાત્રા કરી હતી. લદ્દાખ સ્કાઉટનાં જવાનમાં જ્યારે કોરોના વાયરસના લક્ષણ દેખાયા બાદ તેની મેડિકલ તપાસ કરવામાં આવી. આ જવાનને જે હૉસ્પિટલ મોકલવામાં આવ્યો છે ત્યાંજ તેમની બહેન અને પત્નીને પણ આઇસોલેટ કરી દીધા છે.

દેશમાં કોરોના વાઈરસનું સંક્રમણ દિવસે દિવસેને વધી રહ્યું છે. ૪૮ કલાકમાં સંક્રમિતોની સંખ્યા ૯૯થી લધીને ૧૫૩ થઈ ગઈ છે. બુધવારે પૂણેમાં વધુ એક દર્દીનો રિપોર્ટ સામે આવ્યો છે. આ સાથે જ કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુએ નેગેટિવ રિપોર્ટ આવ્યા બાદ પણ પોતાને ૧૪ દિવસ માટે આઈસોલેટ કર્યા છે. તેઓ તાજેતરમાં સાઉદી અરબથી પાછા આવ્યા હતા. તેમણે ટેસ્ટ પણ કરાવ્યો હતો, જે નેગેટિવ આવ્યો હતો. કોરોના હવે પશ્ચિમ બંગાળ પણ પોહોંચી ગયો છે. કોલકાતામાં કોરોના વાયરસનો પ્રથમ દર્દી મળી આવ્યો છે. સૂત્રોના જણાવ્યાનુંસાર પીડિત લંડનથી પરત ફર્યો હતો. જેનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. દર્દીને બાલીઘાટના આઈડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ સામે આવ્યો છે. બ્રિટનથી પરત આવેલા વ્યક્તિનો કોરોના વાયરસ પરીક્ષણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કોરોના વાયરસનો વધુ એક કેસ તેલંગાનામાં આવ્યો છે. યુનાઇટેડ કિંગડમથી આવેલા એક વ્યક્તિનો ટેસ્ટ પોઝિટીવ આવ્યો છે. તેલંગાનામાં અત્યાર સુધી ૬ કેસ નોંધાયા છે. જેમાંથી એક વ્યક્તિ સાજો થઈને ઘરે જતો રહ્યો છે. કર્ણાટકના સ્વાસ્થ્ય મંત્રી બી શ્રીરામુલુએ જ મંગળવારે બેંગલુરુમાં ૨ વ્યક્તિઓમાં સંક્રમણની પુષ્ટી કરી છે. રાજ્યમાં હવે કુલ ૧૩ લોકો સંક્રમિત થયા છે.દિલ્હીથી જોડાયેલા નોએડામાં વધુ એક કેસ સામે આવ્યો છે. નોએડામાં કોરાનાના દર્દીઓની સંખ્યા ચાર થઈ છે. કોરોનાનો લેટેસ્ટ દર્દી ઈન્ડોનેશિયા ગયો હતો. જયાંથી તે ચાર દિવસ પહેલા જ પાછો ફર્યો હતો. તેની સાથે તેની પત્ની પણ હતી. જોકે હાલમાં તો પતિમાં જ આ વાઈરસના લક્ષણો જોવા મળ્યા છે. હવે તેને હોસ્પિટલમાં દાખલ કરાયો છે. પત્નીનો રિપોર્ટ આવવાનો બાકી છે.

યુપીમાં લખનૌમાં કોરોનાનો વધુ એક પોઝિટિવ દર્દી બહાર આવ્યો છે. લખનૌમાં દર્દીની સારવાર કરી રહેલા એક ડોક્ટરને તેનો ચેપ લાગ્યો છે.જે વધારે ચિંતાની વાત છે. સરકારી હોસ્પિટલમાં દર્દીની સારવાર કરી રહેલા રેસિડેન્ટ ડોક્ટરનુ સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યુ હતુ. આ ડોક્ટરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આમ ડોક્ટર પોતે જ હવે દર્દી બની ગયા છે.

૧૫૩ કેસમાં ૧૧૨ ભારતીય દર્દીઓ છે જ્યારે ૨૪ વિદેશી દર્દીઓ છે. સૌથી વધારે કન્ફર્મ કેસો મહારાષ્ટ્રમાં (૪૨ કેસો) છે. એ પછીના ક્રમે કેરળ (૨૭ કેસો) અને ઉત્તર પ્રદેશ (૧૬ કેસો) છે. ૧૪ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.

### નિફ્ટી ૪૨૫ અંકના ઘટાડા સાથે ૮૪૬૮ની સપાટીએ

## શેરબજારમાં ધોવાણ: સેન્સેક્સમાં ૧૭૦૦ પોઈન્ટનો કડાકો

*મુંબઇ,તા.૧૮*

શેરબજારમાં આજે પણ ધોવાણ જોવા મળ્યું છે. આજે ૫.૫૯ ટકાના ઘટાડા સાથે સેન્સેક્સ ૧,૭૦૯ પોઈન્ટ્સ ઘટીને ૨૮,૮૬૯ પર જ્યારે નિફ્ટી ૪.૭૫ ટકાના ઘટાડા સાથે ૪૨૫ પોઈન્ટ્સ ઘટી ૮,૫૪૧ની સપાટી પર બંધ થયા છે. આજે BSE પર સૌથી વધુ ધોવાયેલા ટોચના શેર્સમાં ઈન્ડસિન્ડ બેંક, કોટકબેંક, બજાજ ફાઈનાન્સ, પાવરગ્રીડ અને હીરોમોટોકોર્પનો સમાવેશ થાય છે. જ્યારે NSEના નિફ્ટીના ટોપ ફાઈવ લુઝર્સમાં ઈન્ડસિન્ડ બેંક, ઈન્ફ્રાટેલ, કોટક, બજાજ ફાઈનાન્સ અને એચડીએફસી બેંકનો સમાવેશ થાય છે.

બજારમાં ઘટાડાથી ફરી એકવાર રોકાણકારોને જોરદાર આંચકો લાગ્યો છે. બુધવારે રોકાણકારોના ૫ લાખ કરોડથી વધુ રૂપિયા ડૂબી ગયા છે. મંગળવારે બીએસઈ પર લિસ્ટેડ કુલ કંપીનાઓનો માર્કેટ કેપ ૧,૧૯,૫૨,૦૬૬.૧૧ કરોડ રૂપિયા હતો, જે આજે ૫,૧૩,૦૨૬.૮૯ કરોડ રૂપિયા ઘટીને ૧,૧૪,૩૯,૦૩૯.૨૨ કરોડ રૂપિયા થઈ ગયો.

કોરોનાનો ચેપ શેરબજારને એવો લાગ્યો છે કે છેલ્લા કેટલાક દિવસોથી સતત ધોવાઈ રહેલું માર્કેટ હજુ તેમાંથી બહાર નથી આવી શક્યું. ગઈકાલે ભારે અફરાતફરી બાદ છેલ્લા અડધો કલાકમાં જોરદાર વેચવાલી નીકળતા ૮૧૦ પોઈન્ટ્સના ઘટાડા બાદ આજે સેન્સેક્સ એક તબક્કે ૧૯૦૦ પોઈન્ટનો ઈન્ટ્રા ડે કડાકો જોવાયો હતો. આજે ૩૦,૯૬૮ની સપાટી પર ખૂલેલો સેન્સેક્સ ૨૮,૬૧૩ની સૌથી નીચલી સપાટીએ પહોંચ્યા બાદ સામાન્ય સુધરી ૨૮,૮૬૯ પર બંધ થયો હતો.

આજના કારોબારમાં બજારમાં બેક્કિંગ શેર્સનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. બજાર બંધ થયું ત્યારે ઈન્ડસિન્ડ બેક્રમાં ૨૪.૬ ટકાનો તોતિંગ ઘટાડો નોંધાયો હતો. આ શેર પોતાની ૧૮૩૪ની ૫૨ સપ્તાહની સૌથી ઉંચી સપાટીએથી તૂટીને આજે ૩૭૪ રુપિયાની સૌથી નીચલી સપાટીએ પહોંચ્યો હતો અને



૪૫૫ પર બંધ થયો હતો. કોટક બેંક પણ ૧૧.૧૯ ટકાના ઘટાડા સાથે ૧,૧૬૨નું ૫૨ વીકનું નવું તળીયું બનાવી ૧,૧૭૩ પર બંધ થયો હતો.

આ સિવાય બજાજ ફાઈનાન્સમાં પણ આજે ૯ ટકાથી પણ વધુનો કડાકો બોલાયો છે. હજુ થોડા દિવસ પહેલા જ ૪,૯૨૩નો ઓલટાઈમ હાઈ બનાવનારો આ શેર ૨૮૦૦ રુપિયાની પોતાની ૫૨ સપ્તાહની સૌથી નીચી સપાટી તરફ સરકી રહ્યો છે. આજે તેણે ૩૦૧૮ રુપિયાનો લો બનાવ્યો હતો. કોટક બેંક, એસબીઆઈ, એચડીએફસી, આઈસીઆઈસીઆઈ પણ આજે બોલાયેલા કડાકામાંથી બચી નથી શક્યા. તમામ શેર્સમાં ૯ ટકાથી લઈને ૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. એચડીએફસી બેંકે પણ આજે ૯૧૯ની ૫૨ સપ્તાહની સપાટી તોડી ૮૬૫ રુપિયાનો નવો લો બનાવ્યો હતો.

ટાઈટને પણ આજે પોતાની ૫૨ સપ્તાહની નીચલી સપાટીને તોડી ૯૨૧નો લો બનાવ્યો હતો. આ શેર કામકાજના અંતે ૯૨૮ રુપિયા પર બંધ થયો હતો. એચડીએફસીએ પણ આજે ૧૬૦૧ રુપિયાનું તળીયું બનાવ્યું હતું, જે તેની ૫૨ વીકની સૌથી નીચી સપાટી ૧૭૦૦ રુપિયાથી પણ નીચું છે. આખરે આ શેર ૧૬૨૩ રુપિયાના સ્તરે બંધ થયો હતો.

## કોરોનાને પગલે વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત: JKમાં વાહન વ્યવહાર પર પ્રતિબંધ

કોરોના વાયરસ ન ફેલાય તેના માટે દેશભરમાં ભીડને રોકવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમાં ધાર્મિક સ્થળો પર પાબંદીઓ લગાવવામાં આવી રહી છે. બુધવારે માતા વૈષ્ણોદેવીની યાત્રા રોકી દેવામાં આવી હતી. વૃંદાવનમાં ભગવાન રંગનાથજીની ૧૭૧ વર્ષ જૂની વાર્ષિક યાત્રા પણ સ્થગિત કરી દેવામાં આવી છે. આ પહેલા મંગળવારે શિરડી સાંઇ મંદિર, શિંગળાપુર સ્થિત શનિધામ અને મદુરાઇ સ્થિત ત્ર્યંબકેશ્વર મંદિર દર્શનાર્થીઓ માટે આગામી આદેશ સુધી સંપૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરથી આવતી અને જતી આંતરરાજ્ય બસોનાં પરિવહન પર પ્રતિબંધ લગાવી દીધો છે.

## આ સપ્તાહે ૨ પ્રયોગશાળા અને ૪૯ તપાસ કેન્દ્ર શરૂ કરવામાં આવશે

હાલની સ્થિતિને ધ્યાનમાં રાખતા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ આગામી એક સપ્તાહમાં બે પ્રયોગશાળા અને ૪૯ નવા તપાસ કેન્દ્ર શરૂ કરશે. પ્રયોગશાળા દિલ્હી-એનસીઆર અને ભુવનેશ્વરમાં શરૂ કરવામાં આવશે. સાથે જ ૪૯ તપાસ કેન્દ્ર મેડિકલ કોલેજ, કાઉન્સિલ ઓફ સાઈન્ટિફીક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેક્નોલોજી અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈજેશન સહિત અન્ય સ્થળો પર શરૂ કરવામાં આવશે.

### અમેરિકામાં વાયરસથી ૧૦૦થી વધુના મોત,બેરોજદારી દર વધવાની શક્યતા

## વિશ્વભરમાં કોરોનાનો આતંક: મૃત્યુઆંક ૮,૦૦૦ને પાર

*વૉશિંગ્ટન,તા.૧૮*

દુનિયામાં કોરોના વાઈરસથી ઈન્ફેક્ટેડ લોકોની સંખ્યા બુધવાર સવાર સુધી ૧,૯૮,૨૪૧ થઈ ગઈ છે. ૧૬૫ દેશ કોરોના વાઈરસથી પ્રભાવિત છે. મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૮,૦૦૦ થઈ ગઈ છે. ૮૧,૭૪૩ લોકોને ઈન્ફેક્શન થયા પછી તેઓ સાજા થઈ ગયા છે. હવાઈ ટાપુએ પર્યટકોને હાલ ન આવવાની ભલામણ કરી છે. ઈઝરાયલ સેનાને સ્થિતિ સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી છે. અહીં બુધવાર સુધી ૧૯૫૦ કેસ સામે આવ્યા છે અને ૭૧ લોકોના મોત થયા છે.લોસ એન્જિલસની હોસ્પિટલોમાં બ્લડની અછત સર્જાવા લાગી છે. કોરોનાના કારણે બ્લેડ ડોનેશનમાં પણ ઘટાડો આવ્યો છે. ઈઝરાયલમાં ઈન્ફેક્શન રોકવા માટે શક્ય તેટલા પ્રયત્નો કરવામાં



આવી રહ્યા છે પરંતુ સૈન્ય ભરતી પ્રક્રિયા સ્થગીત કરવામાં આવી નથી.

- અમેરિકાના દરેક ૫૦ રાજ્યો કોરોના વાઈરસની ઝપટમાં આવી ગયા છે. બુધવારે અમેરિકામાં કોરોનાના કારણે મોતનો આંકડો ૧૦૫ થઈ ગયો છે. વોશિંગ્ટનમાં કોરોનાના કારણે ૫૦ લોકોના મોત થયા છે, જ્યારે ન્યૂયોર્કમાં ૧૨ અને કેલિફોર્નિયામાં ૧૧ લોકોના મોત થયા છે.

અમેરિકામાં મંગળવારે રાતે કોરોના વાઈરસની અર્થવ્યવસ્થા પર અસર વિશે મીટિંગ થઈ હતી. નાણા મંત્રી સ્ટીવન નૂચિને રિપબ્લિકન સીનેટર્સને જણાવ્યું છે કે, ઈન્ફેક્શનની અસર આ રીતે વધતી જશે તો અમેરિકાની અર્થવ્યવસ્થાની સ્થિતિ ૨૦૦૮ની આર્થિક મંદી કરતા પણ વધારે ખરાબ થઈ શકે છે. નૂચિને ચેતવણી આપી છે કે કોરોનાના કારણે બેરોજગારી દર ૨૦ ટકા સુધી થઈ શકે છે.

- પાકિસ્તાનમાં બુધવાર સવાર સુધી કોરોના ઈન્ફેક્શનના કુલ કેસ ૨૩૭ થઈ ગયા છે. અત્યાર સુધી ૨ લોકોના મોત થયા છે. મુશ્કેલીની વાત એ છે કે, શંકાસ્પદ દર્દીઓને ક્વારૈંટાઈન અથવા આઈસોલેટ કરવાની કોઈ વ્યવસ્થા નથી.

- ટાઈમ્સ ઓફ ઈઝરાયલના જણાવ્યા પ્રમાણે, ઈઝરાયલ સેના ટૂંક સમયમાં જ દેશમાં મેડિકલ ટીમને મદદ કરશે. તે માટેની તમામ તૈયારીઓ પણ પૂરી કરી દેવામાં આવી છે. તેના માટે સેનાએ એક આદેશ પણ તૈયાર કરી દીધો છે જે વિશે સરકાર વિચારણાં કરી રહી છે.

- તૂર્કીમાં કોરોનાના કારણે પ્રથમ મોત નોંધાયું છે, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કેસ ડબલ થઈને ૯૮એ પહોંચી ગયા છે.

## ૧૮ દિવસમાં જ શેર બજારમાં ૯ હજારનો જંગી ઘટાડો, અબજોનું ધોવાણ..!

*ન્યુ દિલ્હી,તા.૧૮*

ભારતીય શેરબજારમાં છેલ્લાં ૧૮ દિવસસમાં સેન્સેક્સમાં અંદાજે ૯ હજાર કરતાં વધારેનો કડાકો તો નિફ્ટીમાં પણ અંદાજે ૭૦૦ પોઈન્ટનો ઘટાડો જે જોવા મળ્યો છે તેના કારણોમાં વૈશ્વિક મંદી અને કોરોના વાઈરસ મુખ્ય મનાય છે.

ભારતીય શેરબજારના ઈતિહાસમાં આ ગાળા દરમ્યાન સૌથી મોટો ૩૫૦૦ પોઈન્ટનો ઘટાડો સેન્સેક્સમાં નોંધાયો અને આ ગાળા દરમ્યાન એક કાચા અંદાજ પ્રમાણે જોઈએ તો રોકાણકારોની ૪૫ લાખ કરતાં વધારે સંપત્તિનું ધોવાણ થયું છે. જેમાં એશિયાના સૌથી ધનિક મુકેશ અંબાણીને પણ ૧.૧૦ લાખ કરોડનું નુકશાન થયું છે.

બજાર નિષ્ણાતોના જણાવ્યાં પ્રમાણે, ફેબ્રુઆરી માસના બજાર કામકાજના છેલ્લાં દિવસે ૨૮ તારીખે સેન્સેક્સમાં ૧૪૫૦ પોઈન્ટનો કડાકો નોંધાયો હતો. તે વખતે બજાર૩૮,૨૯૭.૨૯ પર બંધ થયું હતું. જયારે નિફ્ટીમાં ૪૩૧.૫૫ પોઈન્ટનો ઘટાડો નોંધાયો અને તે વખતે નિફ્ટી ૧૧.૨૦૦ની નજીક બંધ થયો હતો.

આજે ૧૮ માર્ચના રોજ બજારમાં ૧૭૦૯.૫૮નો ઘટાડો નોંધાયો છે અને બજાર ૨૮,૮૬૯ પર બંધ થયું તો નિફ્ટીમાં ૮૪૬૮ ૪૯૮.૨૫ના ઘટાડા સાથે બજાર ૮૪૬૮ પર બંધ થયો હતો. આમ ૧૮ દિવસમાં અંદાજે ૯ હજાર પોઈન્ટનો કડાકો નોંધાયો છે.

તેના કારણોમાં જોઈએ તો ટેલિકોમ કંપનીઓ સામે સુપ્રિમની કડકાઇ, વૈશ્વિક મંદી અને સોથી વધારે જો અસર થઇ હોય તો તે કોરોનાની જોવા મળી રહી છે.

## ઉ.પ્રદેશમાં ૮ ધોરણ સુધીના તમામ વિદ્યાર્થીઓને પરીક્ષા વિના પાસ કરાશે

ઉત્તર પ્રદેશ માધ્યમિક શિક્ષણ પરિષદે હાઇ સ્કૂલ અને મધ્યવર્તી બોર્ડની પરીક્ષાઓની ઉત્તરવહીના મૂલ્યાંકનની પ્રક્રિયા ૨ એપ્રિલ સુધી મુલતવી રાખી છે. યુપીના ડેપ્યુટી સીએમ ડો.દિનેશ શર્માએ કહ્યું કે, કોરોના વાયરસના ફેલાવાને રોકવાના સરકારના પ્રયાસોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ૮ મા ધોરણ સુધીના તમામ વિદ્યાર્થીઓ પરીક્ષા વિના પાસ જાહેર કરવામાં આવશે. ડેપ્યુટી સીએમ ડો.દિનેશ શર્માએ કહ્યું છે કે ૨ એપ્રિલ પછી શાળાઓ ખુલી જશે ત્યારે યુપી બોર્ડની નકલોના મૂલ્યાંકન માટે નવી તારીખ નક્કી કરવામાં આવશે.

## કોરોના વાયરસ: ગો એર રોટેશન આધાર પર પગાર વગર જ રજા પર મોકલાયા

કોરોના વાયરસના વધતા પ્રકોપને જોતા એરલાઈન્સ કંપનીઓ પણ સતર્કતા વરતી રહી છે. આ મહામારીને જોતા Go Air એ પોતાના કર્મચારીઓને રોટેશન આધાર પર પગાર વગર જ રજા પર મોકલવાનો નિર્ણય કર્યો છે. મગળવારે કંપનીએ પોતાનુ એક નિવેદન જાહેર કરતા કહ્યુ હતુ કે, કોરોના વાયરસના કારણે ઓછી ફ્લાઈટ્સ હોવાથી કંપની આ નિર્ણય લઈ રહી છે.

તે સાથે જ ર્ંછૈિએ મંગળવારથી જ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને બંધ કરવાનો પણ નિર્ણય કર્યો છે. કંપનીના નિવેદન પ્રમાણે, અમે ૧૭ માર્ચથી ૧૫ એપ્રિલ સુધી પોતાની બધી જ આંતરરાષ્ટ્રીય વિમાનોને અસ્થાયી રુપથી સસ્પેન્ડ કરી રહી છે.

## તંત્રી સ્થાનેથી...

### જાગૃતિ જરૂરી

મંગળવારે મહારાષ્ટ્રમાં કોરોનાએ પ્રથમ ભોગ લીધો હતો. મુંબઈની એક વ્યક્તિ કોરોનાને કારણે મૃત્યુ પામી કે તરત જ મહારાષ્ટ્ર સરકાર હરકતમાં આવી ગઈ. અગાઉ પણ સરકારે અને બીજા સંસ્થાનોએ કોરોનાને ડામવા માટે અનુકૂળ એવા પગલાં લીધા હતાં, પરંતુ જે રીતે કોરોનાનો ભરડો આપણી આજુબાજુ કસાઈ રહ્યો છે તે જોતાં સરકારે પહેલ કરવી જરૂરી હતી. સરકારે જે સ્થળોએ વધુ લોકો ભેગા થતા હોય, જે કચેરીઓમાં વધુ કર્મચારીઓ કામ કરતાં હોય તેમને ઘરેથી કામ કરવાનો હુકમ આપી દીધો, આ સાથે શિક્ષણ સંસ્થાનો, શાળા-કૉલેજો પણ બંધ કરવાનો ને પરીક્ષા પણ મોકૂફ રાખવાનો નિર્ણય લઈ લીધો. એટલે સુધી કે સરકારી કચેરીઓમાં પણ આવતા સાત દિવસ સુધી પચાસ ટકા હાજરી રહેશે. મહારાષ્ટ્ર અને એમાંય ખાસ કરીને મુંબઈ અને આજુબાજુના વિસ્તારોમાં સેંકડો સિરિયલ, ફિલ્મના શૂટિંગ ચાલુ હોય છે, અગાઉ ફિલ્મ ફેડરેશને બુધવારથી તમામ શૂટિંગ બંધ કરવાનો હુકમ આપ્યો હતો તેની સામે સરકારે મંગળવાર રાતથી જ તમામ શૂટિંગ બંધ કરવાનો અને જો શૂટિંગ બંધ ન કરાય તો નિર્માતા સામે પગલાં લેવાનો આદેશ પણ આપી દીધો. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના વિક્રેતા કે સપ્લાયરો સિવાયની તમામ સેવાઓ પર પણ આંશિક પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. સરકાર આ મહામારી સામે લડવા માટે તેની રીતે પગલાં લઈ રહી છે, પરંતુ સૌથી મોટી જવાબદારી જનતાની પણ છે. કોરોનાનો ભય ફેલાયો ત્યારથી કેટલાક ચૌદસીયા ગણાતા લોકો કુતૂહલવશ વિના કારણે સેરસપાટા કરી રહ્યા છે, કેટલાક લોકો આડેધડ અને બેજવાબદારપણે વોટ્સએપ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા છે. આ મહામારી સામે લડવા માટે સૌથી મોટી કોઈ જરૂરિયાત હોય તો તે છે અફવાઓ પર રોક, પરંતુ લોકો જે રીતે અફવા ફેલાવવામાં પિશાચી આનંદ લઈ રહ્યા છે તે ખોટું છે. સરકાર રેલવે, બસ કે બીજા સંસાધનો બંધ નથી કરી રહી, કારણ કે એ આપણા દેશની જીવાદોરી છે. વળી આ રોગ હજુ કટોકટી જાહેર કરવી પડે એ સ્ટેજ પર નથી પહોંચ્યો, પરંતુ આપણે જો જરૂરત ન હોય તો બહાર નીકળવાની શું જરૂર, બહારની લારીઓ પરની ચીજવસ્તુ આપણે થોડા દિવસ ન ખરીદીએ તો કોઈ ફરક પડવાનો નથી, આપણે ઓછા બહાર નીકળશું તો ફેરિયાઓ પણ ઓછા દેખાશે, સરકારે જે રીતે તમામ સંસાધનો બંધ કર્યા છે તે જોતાં જ આપણે આ મહામારીની ગંભીરતા સમજી જવી જોઈએ, પરંતુ આપણે આપણી ફરજ બજાવવાને બદલે ફાલતુ જોક્સ, અને મેસેજ ફોરવર્ડ કરીને લોકોને વધુ ભયભીત બનાવીએ છીએ. આપણે આપણી પોતાની અને પોતાના પરિવારની સલામતી માટે એટલું તો જરૂર કરી શકીએ કે કામ સિવાય બહાર ના નીકળીએ, તમામ સરકારી આદેશનું પાલન કરીએ, કોઈ પણ પ્રકારના વૈદ્યકીય કે બીજા કોરોનાને લગતાં સંદેશ જે મોટા ભાગે ખોટા હોય તેને પ્રસરાવવાનું સદંતર બંધ કરીએ, આપણી આસપાસના લોકોમાં ભય ફેલાવવાને બદલે વિશ્વાસનું વાતાવરણ પેદા કરીએ. સૌથી મહત્ત્વની વાત આ દેશ, આ પૃથ્વી આપણી છે. આથી અગાઉ પણ આપણી પર આવા અનેક હુમલાઓ થયા છે, પરંતુ આપણે બચી ગયા છીએ, જીવી ગયા છીએ, હા થોડીઘણી આંશિક અસર જરૂર થઈ છે અને તે ક્યારેય પણ કોઈ પણ રીતે થઈ શકતી હોય છે, આથી નિર્ભય અને નીડર બનીએ અને આપણી જવાબદારી સમજીને આ મહામારીને નાથવાના કાર્યમાં લાગી જઈએ. સમયાંતરે આ પ્રકારની મહામારીઓ ત્રાટકતી જ રહે છે જેમાં રોગ કરતા તેની અફવાઓ વધારે ખતરનાક બની રહેતી હોય છે તે ધ્યાનમાં રાખવું રહ્યું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧, વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૯/૦૩/૨૦૨૦, ગુરુવાર, ફાગણ વદ-૧૧
સૂર્યોદય-૬-૫૫, સૂર્યાસ્ત-૬-૫૫, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઉત્તરષાઢા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૫૩ થી શુભ-૮-૨૪ સુધી, ૧૧-૨૫ થી ચલ-લાભ-અમૃત-૧૫-૫૬ સુધી, ૧૭-૨૭ થી શુભ-અમૃત-ચલ-૨૧-૫૬ સુધી<br>- શુભ હોરા-<br>૬-૫૩ થી ૭-૫૩ સુધી, ૯-૫૪ થી ૧૨-૫૫ સુધી, ૧૩-૫૫ થી ૧૪-૫૬ સુધી, ૧૬-૫૬ થી ૧૯-૫૭ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૯-૦૩-૨૦૨૦ ગુરુવાર

મેષ(અ.લ.ઈ.):-જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.

વૃષભ(બ.વ.ઉ.):-કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.માનસિક ચિંતા હલવી બને.

મિથુન(ક.છ.ઘ.):-વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.

કર્ક(ડ.હ.):-નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.

સિંહ(મ.ટ.):-નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.

કન્યા(પ.ઠ.ણ.):-જમીન, વાહન, મકાનના યોગ બને. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

તુલા(ર.ત.):-પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.

વૃશ્ચિક(ન.ય.):-કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.):-ઇષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.

મકર(ખ.જ.):-કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થઆય. આવકમાં વધારો થાય.

કુંભ(ગ.શ.સ.):-નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.

મીન(દ.ચ.ઝ.):-મિત્રોના સહકાર મળી રહે.વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

---

વાયરસ રોગના નિષ્ણાંત દ્વારા વ્યક્ત કરવામાં આવી મોટી આશંકા

# ચીન,ઈરાન બાદ ભારતમાં પણ તાંડવ મચાવશે કોરોનાઃ નિષ્ણાંત

*ન્યુ દિલ્હી,તા.૧૮*

ચીનમાં હાહાકાર મચાવી ચુકેલા કોરોના વાયરસ પહેલા ઈરાન અને ત્યાર બાદ યૂરોપના દેશોમાં પોતાનો કાળો કહેર વર્તાવી ચુક્યો છે. હવે આ વાયસર ભારને પોતાનું નિશાન બનાવી શકે છે તે તેવી આશંકા દેશના જાણીતા સ્વાસ્થ્ય નિષ્ણાંતે વ્યક્ત કરી છે.

તેમના જણાવ્યા પ્રમાણે ભારત કોરોના વાયરસનું આગામી સૌથી મોટું કેન્દ્ર બની શકે છે. એટલે કે, ચીન, ઈરાન, ઈટાલી અને સ્પેન બાદ હવે કોરોના વાયરસનું સંક્રમન ભારતમાં સૌથી વધારે વધી શકે છે. કારણ કે ભારતમાં જે તૈયારીઓ છે તેને લઈને તે બાકીના એશિયાઈ દેશોની સરખામણીમાં ઓછી અને અપુરતી છે.

જાણીતા નિષ્ણાંત ડો, ટી જૈકબ જોનએ આપી છે. તેઓ ઈન્ડિયન કાઉંસિલ ફોર મેડિકલ રિસર્ચ સેંટરના એડવાંસ્ક રિસર્ચ ઈન વાયરોલોજી સેંટરના પૂર્વ પ્રમુખ રહી ચુક્યા છે. ડૉ. જોને કહ્યું છે કે, ભારતનું વાતાવરણ અને જનસંખ્યા આ વાયરસ ફેલાવવા માટે પર્યાપ્ત છે. કારણ કે અહીં લોકો સારવાર અને ક્વાંરટીનથી બચવા ભાગી રહ્યાં છે.

ડૉ. જોન ભારત સરકારના પોલિયો મુક્ત અભિયાનની સલાહકાર સમિતિમાં પણ રહી ચુક્યા છે. સાથે જ વેલ્લોર સ્થિત ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ સ્થિત નેશનલ એચઆઈવી/એડ્સ રિફરેંસ સેંતરના પ્રમુખ પણ રહી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, આ એક મોટો હિમસ્ખલન બની રહ્યું છે જે ગમે ત્યારે ભારત પર પડી શકે છે.તેમણે જણાવ્યું હતું કે, ભારતના લગભગ દરેક શહેરમાં એક વિસ્તાર એવો હોય જ છે કે, જ્યાં લોકોના ઘર અને લોકો વચ્ચે અંતર ખુબ જ ઓછુ હોય છે. આ સ્થિતિમાં કોરોના વાયરસનો ખતરો વધી જાય છે. તેમને ચેતવણી આપતા કહ્યું હતું કે, અત્યારે તો કોરોનાગ્રસ્ત પીડિતોની સંખ્યા ધીમી ગતિએ વધી રહી છે, પણ ૧૫ એપ્રિલ સુધીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો થઈ શકે છે. કારણ કે દેશમાં કોરોનાને લઈને ભરવામાં આવેલા પગલા પુરતા નથી.

ઝસ્ઈના વર્તમાન પ્રમુખ ડૉ, બલરામ ભાર્ગવે ગઈ કાલે કહ્યું હતું કે, અત્યાર સુધીમાં દેશમાં ૮૦૦૦ કોરોના સેંપલની તપાસ કરવાની ક્ષમતા છે. પણ હજી આ વાયરસ થર્ડ સ્ટેજમાં પહોંચ્યો હોવાની જાણકારી નથી. એટલે કે તે સામુહિક રીતે નથી ફેલાઈ રહ્યો.

---

# નિર્ભયાનાં દોષીઓને ફાંસીએ લટકાવવા પવન જલ્લાદ તૈયાર, અપાઈ ડમી ફાંસી



*ન્યુ દિલ્હી,તા.૧૮*

નિર્ભયાના ચાર દોષિતોને ૨૦ માર્ચના રોજ ફાંસી આપવામા આવશે. પવન જલ્લાદ નામના વ્યક્તી તે ચારેયને ફાંસીના માચડા પર લટકાવશે. આજે સવારે તિહાડ જેલમાં જલ્લાદની હાજરીમાં ફાંસીનું રિહર્સલ કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પવન જલ્લાદે જેલ પ્રશાસનના અધિકારીઓની હાજરીમાં દોષિતોના ડમીને ફાંસી પર લટકાવવીને ફાંસીના માચડાનું પરિક્ષણ કર્યુ.

તિહાડ જેલે બે દિવસ પહેલા જ પવન જલ્લાદને જેલમાં બોલાવ્યા હતા. દિલ્હીની કોર્ટે ૨૦ માર્ચના રોજ સવારે ૫.૩૦ વાગ્યે નિર્ભયાના ચારેય દોષિતોને ફાંસી આપવાનો ચુકાદો સંભળાવ્યો હતો. નિર્ભયા ગેંગરેપ કેસના દોષિત અક્ષય, મુકેશ, પવન અને વિનયના તમામ કાયદાકીય વિકલ્પો પૂર્ણ થઈ ચૂક્યા છે. રાષ્ટ્રપતિ તમામ દોષિતોની દયા અરજીઓને ફગાવી ચૂક્યા છે. આ અગાઉ મંગળવારના રોજ દિલ્હીની એક કોર્ટમાં નિર્ભયા કાંડના એક દોષિતે દુર્ઘટના સમયે સગીર હોવાનું કારણ આપીને એક અરજી દાખલ કરી હતી. જેને કોર્ટે ફગાવી દીધી હતી. નોંધનીય છે કે આ ચારેય દોષિતોની ફાંસી આ અગાઉ ચાર વખત ટળી ચૂકી છે. એવી આશા રખાઈ રહી છે કે આ વખતે ૨૦ માર્ચના રોજ તેમને ફાંસીના માચડે લટકાવી દેવામાં આવશે. તિહાડ જેલ પ્રશાસને પણ ફાંસી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

---

કોરોના વાયરસને કારણે નિર્ણય લેવાયો

# એક મહિના સુધી ભાજપ કોઈ આંદોલન કે પ્રદર્શન નહી કરેઃ જે.પી.નડ્ડા

*ન્યુ દિલ્હી,તા.૧૮*

ભારતીય જનતા પાર્ટી હવે આવતા એક મહિના સુધી ધરણા પ્રદર્શન કે આંદોલન કરશે નહીં. કોરોના વાયરસને જોતા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ કહ્યું હતું કે, 'પીએમ મોદીએ સંસદસભ્ય પાર્ટીની બેઠકમાં કહ્યું હતું કે કોરોના વાયરસને લીધે આપણે કોઈપણ આંદોલન, ચૂંટણી, પ્રદર્શન ટાળવું જોઈએ. તેને ધ્યાનમાં રાખીને બીજેપીએ નિર્ણય લીધો છે કે આગામી ૧ મહિના સુધી પાર્ટી કોઈપણ આંદોલન, પ્રદર્શનમાં ભાગ લેશે નહીં.

ભાજપ અધ્યક્ષે કહ્યું કે, પાર્ટી કોઈ જાહેર સભા નહીં કરે. તેમણે કહ્યું કે, જો કોઈ માહિતી આપવી હોય તો પક્ષનાં ૪-૫ નેતાઓ આ અંગે મેમોરેન્ડમ આપશે. વળી, તેમણે કહ્યું કે ભાજપનાં તમામ એકમોને કોરોના વાયરસ વિશે જાગૃતિ ફેલાવવા કહેવામાં આવ્યું છે. કોરોના વાયરસથી શું કરવું અને શું ન કરવું તે અંગેની માહિતી આપવા માટે કહેવામાં આવ્યું છે. આ અગાઉ મંગળવારે ભાજપ સંસદીય પાર્ટીની બેઠકમાં પીએમ મોદીએ સત્રની અવધિ ઘટાડવા માટે કેટલાક સાંસદો દ્વારા લખાયેલા પત્ર અંગે નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, અમે દેશનાં ૧૩૦ કરોડ લોકોનાં પ્રતિનિધિ છીએ, તેથી સત્ર ઓછું ન થવું જોઈએ. તેમણે પક્ષનાં સાંસદોને લોકોને કોરોના વાયરસથી જાગૃત કરવા માટે તેમના મત વિસ્તારોની મુલાકાત લેવાનું કહ્યું હતું.

---

# ઈડીએ રાણા કપૂર વિરૂદ્ધ દાખલ કર્યો મની લોન્ડ્રિંગનો નવો કેસ

*ન્યુ દિલ્હી,તા.૧૮*

યસ બેંક મામલે ઈડીએ રાણા કપૂર વિરુદ્ધ મની લોન્ડરિંગ મુદ્દે એક નવો કેસ દાખલ કર્યો છે. ઈડીએ યસ બેંક મામલે રાણા કપૂર અને તેની પત્ની બિંદુ બંને પર રિયલ્ટી કંપની પાસેથી ૩૦૭ કરોડ રૂપિયાની કથીત લાંચ લેવાનો આરોપ લગાવ્યો છે. ઈડીના અધિકારીઓનું કહેવું છે કે આ લાંચ કપૂર દંપતીને દિલ્હીના વીઆઈપી લુટિયંસ ઝોનમાં એક બંગલો બજાર કરતા અડધી કિંમતે વેચવા માટે આપાયી હતી.

ઉપરાત કપૂર દંપતીને યેસ બેંક તરફથી ગૌતમ થાપરની કંપની અવંતા રિયલ્ટી અને ગ્રુપ કંપનીજને ૧૯૦૦ કરોડ રૂપિયાની લોન અપાવવા અને તેની પુન પ્રાપ્તિ પ્રક્રિયાને ધીમી કરવાના બદલામાં આપવામાં આવી હતી. સીબીઆઈ દ્વારા તાજેતરમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆરના આધારે ઈડીએ આ કેસમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફર્મેશન રિપોર્ટ (ઈસીઆઈઆર) દાખલ કર્યો છે.

---

# ભાજપ સાંસદ સુરેશ પ્રભુને કોરોના..?, આઈસોલેટ કરાયા

*ન્યુ દિલ્હી,તા.૧૮*

કોરોના વાયરસથી સમાન્ય જનતા બાદ હવે મોદી સરકારના મંત્રીઓ પણ ફફડી ઉઠયાં છે. મોદી સરકારમાં મંત્રી રહી ચૂકેલા અને ભાજપના સાંસદ સુરેશ પ્રભુએ પોતાની જાતને આઈસોલેટ કરી છે. આ અગાઉ કેન્દ્રીય સંસદીય રાજયમંત્રી વી.મુરલીધરને પણ પોતાને હોમ ક્વોરન્ટાઈન કરવાનો નિર્ણય લીધો હતો.

દેશમાં કોરોના વાયરસના ૧૪૧ પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. કોરોના વાયરસના વધતા કેર વચ્ચે લોકોએ સુરક્ષિત રહેવા માટે પગલાં લેવાના પણ શરૂ કરી દીધા છે. મોદી સરકારના મંત્રીઓ પણ તેમાંથી બાકાત નથી.

મોદી સરકારમાં રેલવે મંત્રી રહી ચુકેલા અને ભાજપના સાંસદ સુરેશ પ્રભુ ૧૦ માર્ચના રોજ સાઉદી અરેબિયા ગયા હતાં. ત્યારબાદ તેઓ ભારત પાછા ફર્યા તો તેમણે કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. ટેસ્ટ નેગેટિવ આવ્યો પરંતુ સુરક્ષા કારણોસર તેમણે પોતાની જાતને ૧૪ દિવસ સુધી આઈસોલેશનમાં રાખવાનો નિર્ણય રાખ્યો છે. તેઓ પોતાના ઘરમાં જ હોમ ક્વોરન્ટાઈન છે. આ દરમિયાન તેઓ કોઈને મળશે નહીં અને કોઈ તેમની પાસે પણ જઈ શકે નહીં. એક મેડિકલ ટીમ તેમના ઘરે તૈનાત કરી દેવામાં આવી છે.

---

એજીઆર મામલે સુપ્રિમ લાલઘૂમ

# જરૂર પડશે તો અમે તમામ ટેલિકોમ કંપનીઓના એમડીને જેલમાં મોકલી દઈશુંઃ સુપ્રિમ



*ન્યુ દિલ્હી,તા.૧૮*

સુપ્રીમ કોર્ટે એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ મામલામાં કહ્યું છે કે ટેલિકોમ કંપનીઓની બાકીની રકમનું ફરીથી રિએસેસમેન્ટ કરવું તે કોર્ટની અવગણના ગણાશે. જરૂરિયાત પડી તો અમે તમામ ટેલિકોમ કંપનીઓના એમડીને કોર્ટમાં બોલાવીને જેલમાં મોકલી દઈશું. સરકાર એજીઆરને રીએસેસમેન્ટ કરવાની પરવાનગી આપી તો એ દગો ગણાશે. જો કંપનીઓને સેલેફ એસેસમેન્ટની પરવાનગી આપીશું તો અમે પણ આ ફ્રોડમાં પાર્ટી બની જઈશું. આ કોર્ટની પ્રતિષ્ઠાનો સવાલ છે. કોર્ટે કહ્યું છે કે જયારે ટેલિકોમ ડિપાર્ટમેન્ટની ડિમાન્ડને માનવામાં આવી છે તો ફરીથી એસ્ટીમેશન કઈ રીતે કરી શકાય.

કોર્ટે સોલિસિટર જનરલને પૂછ્યુ કે રીએસેસમેન્ટ અને આ મામલાને ફરીથી ખોલવાની પરવાનગી કોણે આપી ? જસ્ટિસ અરુણ મિશ્રાની બેન્ચે કહ્યું કે કોર્ટ તો રીએસમેન્ટની પરવાનગી આપી નથી તો શું અમે મૂર્ખ છીએ ? આ મામલામાં જે કઈ પણ થઈ રહ્યું છે તે ચોંકાવનારું છું. સમગ્ર દેશને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યો છે. ટેલિકોમ કંપનીઓને સેલ્ફ એસેસમેન્ટની પરવાનગી આપવામાં આવી તો ટેલિકોમ સેક્રેટરી અથવા તો ડેસ્ક ઓફિસરને સસ્પેન્ડ કરવામાં આવી શકે છે. કોર્ટે કહ્યું કે કંપનીઓએ કમાણી કરી છે અને તેમણે ચુકવણી પર કરવાની હશે. તેમણે સેલ્ફ એસેસમેન્ટ કે પછી રીએસમેન્ટ કર્યું તો તે કોર્ટની અવગણના ગણાશે.

---

# કળયુગમાં કોરોના વાઈરસથી લડવું પડકારજનકઃ સુપ્રિમના જસ્ટિસ અરૂણ મિશ્રા

*ન્યુ દિલ્હી,તા.૧૮*

સમગ્ર દેશમાં જીવલેણ કોરોના વાઈરસના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે તેલંગાણામાંથી કોરોનાનો વધુ એક કેસ પોઝિટિવ આવ્યો છે. જે બાદ સમગ્ર દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૪૯ થઈ ગઈ છે. આ મહામારીથી સમગ્ર વિશ્વમાં અત્યાર સુધીમાં ૭ હજારથી વધુ લોકોના મોત નીપજયા છે, જયારે ભારતમાં ૩ લોકો મોતને ભેટયા છે. દેશના સામાન્ય નાગરિકની જેમ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પણ કોરોનાના કારણે ચિંતિત છે. સુપ્રીમ કોર્ટે લોકોને અપીલ કરી છે.

બુધવારે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અરૂણ મિશ્રાએ જણાવ્યું કે, આ મહામારી ૧૦૦ વર્ષોમાં થઈ રહી છે. ઘોર કળયુગમાં વાઈરસથી આપણે નથી લડી શકતા. માનવી બધુ જ કરી શકે છે, તમે હથિયારો પણ તૈયાર કરી શકો છો, પરંતુ આ વાઈરસ સામે નથી લડી શકતા. આપણે આપણા સ્તરે લડાઈ લડવી પડશે.

જસ્ટિસ અરૂણ મિશ્રાએ વધુમાં જણાવ્યું કે, માત્ર સરકાર પર આધાર રાખ્યા વિના, દરેક જણે તેનો મુકાબલો કરવો જોઈએ. તમારે તમારા માટે તો લડવું પડશે. કોઈ બીજો તમારા માટે નહી લડે. જસ્ટિસ એમઆર શાહે વકીલોને અપીલ કરી છે કે, તેઓ એક વકીલ સાથે જ ચેમ્બરમાં આવે.

હકીકતમાં સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ આર્યમાન સુંદરમ પોતાની સાથે ૫-૬ વકીલોને લઈને કોર્ટરુમમાં પહોંચ્યા હતા. જેના પર જસ્ટિસ એમઆર શાહે જણાવ્યું કે, આ બારનો આગ્રહ પણ છે. એક વરિષ્ઠ વકીલને માત્ર એક વકીલ સાથે જ આવવું જોઈએ. આખરે આ આપણા હિતમાં જ છે.

---

# રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફલોરિડા અને ઈલિનોયમાં પ્રાઈમરી ચૂંટણી જીતી

*વૉશિંગ્ટન,તા.૧૮*

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડે ફ્લોરિડા અને ઈલિનોયમાં પ્રાઈમરી ચૂંટણી જીતી લીધી છે. તેની સાથે તેમની પાસે હવે ૧,૨૭૬ કરતા વધુ ડેલિગેટ્સ થઈ ગયા છે. આ વર્ષે ૩ નવેમ્બર થનારી પ્રેસિડેન્શિયલ ઈલેક્શનમાં રિપબ્લિકન પાર્ટી તરફથી ઉમેદવારી નક્કી માનવામાં આવે છે. ટ્રમ્પની જીત પછી રિપબ્લિકન પાર્ટી પ્રમુખ રોના મેકડેનિયલે ટ્વિટ કર્યું છે. ટ્રમ્પને રિપબ્લિકન પાર્ટી તરફથી ઓફિશિયલ ઉમેદવાર બનવા માટે શુભેચ્છા પાઠવી છે. માનવામાં આવે છે કે, ફ્લોરિડા અને ઈલિનોયમાં ટ્રમ્પને જીતવા માટે કોઈ ખાસ પ્રતિરોધનો સામનો નથી કરવો પડ્યો.

મેનડોનાલ્ડે એક અન્ય ટ્વિટમાં લખ્યું છે કે, અમારી પાર્ટી એક જૂથ છે. આપણો લોકો સાથે જોડાઈને પ્રચાર ખૂબ ઝડપથી ચાલી રહ્યો છે. અમે આગામી ૪ વર્ષ માટે તૈયાર છીએ. આ વખતે ટ્રમ્પની ટક્કર ડેમોક્રેટ્સની પ્રાઈમરીમાં જીત મેળવનાર લોકો સાથે થશે. ડેમોક્રેટ્સ તરફથી આ વખતે બિડેન અને બર્ની સેન્ડર્સ વચ્ચે ટક્કર છે. અત્યાર સુધી પ્રાઈમરીમાં બિડેન આગળ ચાલી રહ્યા છે.ટ્રમ્પ કેમ્પેનના પ્રવક્તા ટિમ મુરટોકના જણાવ્યા પ્રમાણે, ટ્રમ્પની જીત દર્શાવે છે કે રિપબ્લિકન કેવી રીતે તેમને ભારે સમર્થન આપી રહ્યા છે. આવુ નવેમ્બર સુધી ચાલશે અને ત્યારે તેઓ બીજી વખત રાષ્ટ્રપતિ ચૂંટાશે. ટ્રમ્પની પાસે પહેલેથી જ ૧૧૪૧ ડેલિગેટ્સ હતા. ફલોરિડા અને ઈલિનોયમાં જીત પછી ઉમેદવારી માટે જરૂરી ૧૩૫ ડેલિગેટ્સ પણ મેળવી લીધા છે.અમેરિકાના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જો બિડને વોશિંગ્ટનની પ્રાઈમરી ચૂંટણી જીતી લીધી. જોકે તેમાં સામાન્ય બહુમતી જ મળી હતી. ડેમોક્રેટિક પાર્ટી તરફથી તેઓ રાષ્ટ્રપતિની ઉમેદવારીમાં સૌથી આગળ છે. શક્યતા છે કે, નવેમ્બરમાં થનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેઓ ટ્રમ્પને પડકાર આપશે.

---

# કોરોનાનું જોખમઃ પંજાબમાં ૫૮૦૦ ગુનેગારોને મુક્ત કરવાનો પ્રસ્તાવ

*ચંડીગઢ,તા.૧૮*

કોરોના વાયરસના વધતા સંક્રમણને જોતા હરિયાણાની જેલોમાં ૩૧ માર્ચ સુધી કેદીઓને પરિવારા લોકો સાથે મુલાકાત પર રોક લગાવી દેવામાં આવી છે. હાલમાં કેદી પરિવાર સાથે ફોન પર જ વાત કરી શકશે. વળી, પડોશી રાજ્ય પંજાબમાં મંત્રી સુખજિંદર સિંહ રંધાવાએ લગભગ ૩૦૦૦ નાના ગુનેગારોને મુક્ત કરવાનો પ્રસ્તાવ આપ્યો છે.

જેલ મંત્રી સુખજિંદર સિંહ રંધાવાએ નાના માત્રાં ડ્રગ્ઝ સાથે પકડાયેલા ગુનેગારો અને લગભગ ૨૮૦૦ નાના ગુનેગારો સહિત ૩૦૦૦ ગુનેગારોને મુક્ત કરવાનો પ્રસ્તાવ આપ્યો છે. કોરોના વાયરસના જેલોમાં ફેલાવાના જોખમને જોતા મંત્રીએ આ પ્રસ્તાવ આપ્યો છે. પંજાબ સરકાર તરફથી હજુ આના પર અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. પંજાબ સરકાર તરફથી હજુ આના પર કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

આ પ્રસ્તાવ પર બધા જિલ્લાના એન્ટી ડ્રગ ટાસ્ક ફોર્સ સાથે સાથે એસએસપીની પ્રતિક્રિયાની રાહ જોવાઈ રહી છે. રંધાવાએ મંગળવારે અમરિંદર સિંહ સાથે આ મુદ્દે ચર્ચા કરી હતી. મીડિયા રિપોર્ટ અનુસાર લગભગ ૩૦૦૦ એવા કેદી છે જે ૨.૫ ગ્રામ કે તેનાથી ઓછી માત્રામાં હેરોઈન કે અન્ય ડ્રગ સાથે પકડાયા હતા. રંધાવાએ કહ્યુ કે આ રીતે પંજાબની જેલોમાં લગભગ ૨૮૦૦ નાના ગુનેગારો છે જેમાં ચેન સ્નેચર પણ શામેલ છે.

CYMK

### સુપ્રિમે સ્પીકરને પૂછ્યુ,ધારાસભ્યોના રાજીનામા પર નિર્ણય કેમ ન લેવાયો

# મધ્યપ્રદેશ રાજકીય સંકટ: સુપ્રિમમાં આજે વધુ સુનાવણી

*ન્યુ દિલ્હી,તા.૧૮*

મધ્યપ્રદેશની સરકાર રહેશે કે નહીં તે અંગે મુદો હવે કોર્ટ સુધી પહોંચી ગયો છે. મધ્યપ્રદેશમાં સરકાર પડી જાય તેવી સ્થિતિમાં છે અને આ મામલે સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી છે. ૧૬ ધારાસભ્યોએ રાજીનામું આપી દીધું છે અને તેના લીધે કમલનાથ સરકાર અલ્પમતમાં આવી ગઈ છે.આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. તમામ બાગી ધારાસભ્યોને મળવા માટે કોંગ્રેસે સુપ્રીમ કોર્ટ આદેશ આપે તેવી માગણી કરી છે. જો કે કોર્ટે કહ્યું તે આવો કોઈ જ આદેશ આપી શકે નહીં. બાળકો જેવો આ મામલો નથી. જો કે ભાજપ તરફથી આવેલાં વકીલે દલીલ કરી હતી કે જ્યારે ધારાસભ્યો જ મળવા નથી માગતા તો કેવી રીતે મળવા માટે દબાણ કરી શકાય?

કમલનાથ સરકાર આ મુદા પર સુપ્રીમ કોર્ટે સ્પીકરની સામે સવાલ ઉભો કર્યો હતો. કોર્ટે સવાલ કર્યો કે શા માટે તમે અત્યાર સુધી ધારાસભ્યોના રાજીનામા પર કોઈ જ એક્શન ના લીધું? શું આ ધારાસભ્યો ખુદ જ અયોગ્ય નથી? તમે બજેટ સત્રને પણ ટાળી દીધું છે. જો બજેટ નહીં રજૂ થાય તે રાજયનું કામકાજ કેવી રીતે ચાલશે? જો કે આ મામલે વધુ સુનાવણી ગુરુવારના રોજ પણ ચાલુ રાખવામાં આવશે. આ બાજુ શિવરાજ સિંહના પક્ષમાંથી દલીલ કરવામાં આવી હતી કે કોર્ટ દ્વારા તરત જ ફ્લોર ટેસ્ટનો આદેશ આપવામાં આવે.

નોંધનીય છે કે બેંગલુરુ કોંગ્રેસના બળવાખોર ૧૬ ધારાસભ્યોએ કમિશ્નરને પત્ર લખ્યો છે અને સુરક્ષા વધારવાની અપીલ કરી છે. અહીં તેમની બુધવારે કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહ મુલાકાત કરવા પહોંચ્યા હતા, જોકે, પોલીસે તેઓને અટકાયતમાં લીધા હતા.



કોરોના વાઈરસનો ભય સર્વત્ર ફેલાઈ રહ્યો છે. દવા ન હોવાથી કોરોનાથી બચવા તકેદારી રાખવાનું કહેવાય રહ્યુ છે ત્યારે વરાછાની મીની બજાર ખાતે મફતમાં માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. રત્નકલાકારોને સેવાભાવી લોકોએ દાનની સરવાણી વહાવીને મફતમાં લગગભગ ૨ હજાર જેટલા માસ્કનું વિતરણ કર્યું હતું. મફતમાં મળતા માસ્ક લેવા માટે લોકોએ પડાપડી કરી મુકી હતી.

### લંડનના સંશોધકનો દાવો

# કોરોના વાયરસ અમેરિકામાં ૨૨ લાખ અને બ્રિટનમાં ૫ લાખ લોકોને ભરખી જશે..!!

*લંડન,તા.૧૮*

ચીનના વુહાન શહેરમાંથી ફેલાયેલા કોરોના વાયરસનો કહેર આખી દુનિયા પર વર્તાયો છે. કોરોનાથી પોતાના નાગરિકોને બચાવવા માટે દુનિયાની તમામ સરકારો શકય તેટલા તમામ પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન એક બ્રિટિશ સંશોધનનો અહેવાલ સામે આવતા અમેરિકા અને બ્રિટનની સરકારમાં સોપો પડી ગયો છે.

આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આવનાર સમયમાં કોરોના વાયરસના કારણે અમેરિકામાં ૨૨ લાખ અને બ્રિટનમાં ૫ લાખ લોકોના મોત થઈ શકે છે. આ રિસર્ચ ઈંપીરિયલ કોલેજ લંડનમાં પ્રોફેસર નીલ ફર્ગુસને ઈટાલીના કોરોનાના આંકડાના આધારે કયુ છે.

બ્રિટિશ રિસર્ચ અહેવાલ સામે આવ્યા બાદ બ્રિટનના વડાપ્રધાન જોનસને કોરોના સામે વધારે કડક પગલા ભરવાની શઆત કરી દીધી છે. દુનિયાની ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા એવા બ્રિટનમાં લોકો પોતાના ઘરોમાં જ રહેવા અને જુદી જુદી બિમારીઓ સામે ઝઝુમી રહેલા ૭૦ લાખ લોકોને પણ અલગ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

ફગ્રુસનની ટીમે કહ્યું છે કે, જો આ બિમારીને અટકાવવાના ગંભીર પ્રયાસ ના કરવામાં આવ્યા તો બ્રિટનમાં ૫ લાખ અને અમેરિકામાં ૨૨ લાખ લોકોના મોત થઈ શકે છે. રિસર્ચમાં કહેવામાં આવ્યું છે કે, સરકાર પહેલાના કોરોનાના પ્લાનથી લગભગ ૨,૫૦,૦૦૦ લોકોના મોત થઈ શકે છે. આ ઉપરાંત સ્વાસ્થ્ય સેવાઓ પર પણ તેની વિપરીત અસર પડશે.

વૈજ્ઞાનિકોએ કહ્યું હતું કે, યાં સુધી કોરોના વાયરસની અસર ઓછી ના થાય ત્યાં સુધી લોકો પબ, કલબ અને થિયેટરમાં ના જાય. આ ઉપરાંત સામાજીક અંતર પણ જાળવે. આ રિસર્ચમાં શામેલ પ્રોફેસર અજરા ઘનીએ કહ્યુ હતુ કે, કોરોના આપણા સમાજ અને અર્થવ્યવસ્થા પર ખુબ જ મોટી અને વિપરીત અસર પહોંચાડશે. રિસર્ચ ટીમના અન્ય એક સભ્ય ટિમ કોલબર્ને કહ્યુ હતું કે, આવનાર સમય ખુબ જ મુશ્કેલ છે.

# કંપની ધારામાં સુધારા કરતો ખરડો લોકસભામાં રજૂ કરાયો

*ન્યુ દિલ્હી,તા.૧૮*

સરકારે કંપની ધારામાં સુધારા કરતો અને તેમાંના અમુક ગુનાને ફોજદારી ગુના નહિ ગણવાની જોગવાઇ ધરાવતા ખરડાને લોકસભામાં રજૂ કરાયો હતો. કૉંગ્રેસ, તૃણમૂલ કૉંગ્રેસ, બીજુ જનતા દળ સહિતના વિપક્ષોએ કંપની ધારામાંના સુધારા ખરડાનો જોરદાર વિરોધ કર્યો હતો.

નાણાં અને કૉર્પોરેટ બાબતોને લગતા રાજ્ય કક્ષાના પ્રધાન અનુરાગ ઠાકુરે કંપની કાયદામાંનો સુધારા ખરડો લોકસભામાં રજૂ કરતી વખતે સ્પષ્ટતા કરી હતી કે સરકાર સમાધાન ન થઇ શકે એવા ગુનાને ફોજદારી ગુના નહિ ગણવા માગતી હોવાની વાત ખોટી છે.

વિપક્ષના કેટલાક સાંસદે આ ખરડાનો જોરદાર વિરોધ કરતા જણાવ્યું હતું કે આ ખરડો નાણાકીય બાબત માટેની સંસદની સ્થાયી સમિતિને મોકલવો જોઇએ. વિપક્ષના સાંસદોએ યસ બૅન્કની કટોકટીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

બીજુ જનતા દળના સાંસદ ભાતૃહરિ માહતાબે જણાવ્યું હતું કે સરકાર આ સુધારા ખરડા દ્વારા અમુક ગુનાને ફોજદારી ગુનાની વ્યાખ્યામાંથી કાઢી નાખવા અને અન્ય ગુનામાં દંડ ઘટાડવા માગે છે.

તેમણે સવાલ કર્યો હતો કે ખાનગી બૅન્કો આર્થિક સંકટમાં ફસાઇ રહી છે ત્યારે આ સુધારા ખરડો રજૂ કરવો યોગ્ય ગણાય? ભાતૃહરિ માહતાએ જણાવ્યું હતું કે અનેક કંપની પોતાના પ્રમોટર્સ દ્વારા આચરવામાં આવેલા ગુનાને લીધે બંધ પડી રહી છે.

### ગુજરાત હાઈકોર્ટે આપી મંજૂરી

# વડોદરામાં અશાંત ધારો લાગુ વિસ્તારમાં હિંદુઓ મુસ્લિમોને દુકાનો વેચી શકશે

*અમદાવાદ,તા.૧૮*

વડોદરાના જે વિસ્તારોમાં અશાંત ધારો લાગુ છે ત્યાં હિંદુઓને તેમની દુકાનો મુસ્લિમોને વેચવાની ગુજરાત હાઈકોર્ટે મંજૂરી આપી દીધી છે. હાઈકોર્ટે કહ્યું કે, તંત્રએ એ બાબતની ખરાઈ કરવાની નથી હોતી કે સોદો કોઈ દબાણ કે ભય વિના કરાયો છે કે નહીં, તંત્રએ વેચનારની મરજી અને પ્રોપર્ટીનો સોદો યોગ્ય કિંમતે થયો છે કે નહીં તે જોવાનું છે.

આ કેસમાં તંત્રએ હિંદુઓને તેમની પ્રોપર્ટીઓ મુસ્લિમોને વેચવાની એમ કહીને મંજૂરી નહોંતી આપી કે તેમ થવાથી તે વિસ્તારમાં હિંદુઓ વેપારીઓ ઘટી જશે. ૧૯૯૧ના અશાંત ધારા કાયદા (ડિસ્ટર્બ્ડ એરિયાઝ એક્ટ, ૧૯૯૧) અંતર્ગત આવા વિસ્તારોમાં કોઈપણ પ્રોપર્ટીની અન્ય ધર્મના લોકો સાથે લે-વેચ કરતા પહેલા મંજૂરી લેવી જરૂરી છે.

હાઈકોર્ટે વડોદરાના ડેપ્યુટી કલેક્ટર અને સેક્રેટરીના એ આદેશને રદ કરી દીધો જેમાં તેમણે દિનેશ અને દીપક મોદી નામના બે ભાઈઓને તેમની પ્રોપર્ટી મુસ્લિમ ટ્રેડર્સ ઓનાલી ધોળકાવાળા અને ઈકબાલ ટીનવાલાને વેચવાની મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો હતો. વર્ષ ૨૦૧૬માં તેમણે રજિસ્ટર સેલ ડીડ કર્યું હતું, પરંતુ આ પ્રોપર્ટી અશાંત ધારામાં આવતી હોવાનું ધ્યાનમાં આવતા તેમણે ડેપ્યુટી કલેક્ટર સમક્ષ મંજૂરી માટે અરજી કરી હતી.

આ સોદો કોઈ દબાણ વિના થઈ રહ્યો છે કે કેમ, તેનાથી કાયદો અને વ્યવસ્થાની કોઈ સમસ્યા થાય છે કે કેમ, આ સોદાથી વિસ્તારમાં હિંદુ/મુસ્લિમ બહુમતીને અને ભાઈચારાને કોઈ અસર પડે છે કે કેમ તેની તપાસ ડેપ્યુટી કલેક્ટરે પોલીસ કમિશનરને આદેશ આપ્યો હતો.

# અમેરિકાએ કોરોનાને ચીની વાઈરસ કહેતા ચીન ભડક્યું

# ચીને લીધો બદલો, ૩ અમેરિકન પત્રકારોને દેશ છોડવાનો આદેશ

*વૉશિંગ્ટન,તા.૧૮*

ચીનના વુહાનથી શરૂ થયેલા કોરોના વાઈરસ આખી દુનિયા માટે જોખમ બની ગયું છે. પરંતુ ચીન આ વાતને સ્વીકારવા માટે તૈયાર નથી. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના વાઈરસને ચીની વાઈરસ કહ્યો હતો. આ વાત ચીનને એટલી હદે ખટકી હતી કે તેણે ચીનમાં રહેલા અમેરિકન છાપાના ત્રણ પત્રકારોને દેશમાંથી હાંકી કાઢ્યા છે. ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે, ચીને બુધવારે ધ ન્યૂયોર્ક ટાઈમ્સ, ધ વોશિંગ્ટન પોસ્ટ અને ધ વોલ સ્ટ્રીટ જર્નલ સાથે જોડાયેલા પત્રકારોને દેશમાંથી હાંક્યા છે. આ કાર્યવાહી અત્યાર સુધીમાં કોઈ દેશમાં પત્રકારો માટે કરવામાં આવેલી સૌથી કઠિન કાર્યવાહી છે.

હવે અમેરિકાના કોરોના વાઈરસ અંગેના આ પ્રકારના નિવેદનના કારણે ફરી બન્ને દેશો વચ્ચે વિવાદ વધતો જોવા મળી રહ્યો છે. ત્યારબાદ ચીનની સરકાર સાથે જોડાયેલા એક વરિષ્ઠ અધિકારીએ કોરોના વાઈરસ પાછળ અમેરિકાનું કાવતરું હોવાના દાવો કર્યો છે. આ કેસ સામે આવ્યા બાદ ચીને સ્પષ્ટતા કરતા કહ્યું કે, હોન્ગ કોન્ગ અને મકાઓ સહિત ચીનના કોઈ પણ હિસ્સામાં વિદેશી વયક્તિને પત્રકાર તરીકે રહેવાની મંજૂરી આપવામાં નહીં આવે.અમેરિકન વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ કહ્યું કે, ચીન સરકારી મીડિયા અને સ્વતંત્ર મીડિયાને એક જ નજરે જુએ છે. અમેરિકાનું કહેવું છે કે ચીનનું વલણ એકદમ ખોટું છે. તેમણે કહ્યું કે, મને ચીનના આ નિર્ણયથી દુઃખ થયું છે.

# ઉત્તરાખંડમાં હવે પ્રમોશનમાં અનામત નહીં મળે

*દહેરાદૂન,તા.૧૮*

ઉત્તરાખંડ સરકારે પ્રદેશની સરકારી નોકરીમાં બઢતી માટે આરક્ષણ હટાવી લીધું છે. પોતાની સરકારને ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ ત્રિવેન્દ્ર રાવત સરકારે આ મોટો નિર્ણય લીધો છે.

આ સિવાય ઉત્તરાખંડ સરકારે બઢતી પર લાગેલ પ્રતિબંધ પણ હટાવી દીધો છે. સરકારના આ આદેશ બાદ લાંબા સમયથી આંદોલન કરી રહેલા જનરલ-ઓબીસીના કર્મચારીઓએ હડતાલ પણ પૂર્ણ કરી હતી.

નોંધનીય છે કે, પ્રદેશમાં જનરલ-ઓબીસીના કર્મચારીઓ ૨ માર્ચથી બઢતીમાં અનામત પૂર્ણ કરવાની માગને લઇને અનિશ્ચિત સમયગાળા સુધીની હડતાલ પર ઉતર્યા હતા. જો કે, કર્મચારીઓની એવીપણ માગ હતી કે, બઢતી પર લગાવાયેલ પ્રતિબંધ હટાવવામાં આવે અને આરક્ષણ બંધ કરાવાની સાથે રોસ્ટરમાં નવી વ્યવસ્થાને યથાવત રાખવામાં આવે.

રાજય સરકારે કર્મચારીઓના ઉગ્ર આંદોલનને ધ્યાનમાં રાખીને બુધવારે આ નિર્ણય લીધો હતો. સરકારે હડતાલને સમાપ્ત કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા, પરંતુ કર્મચારીઓ માંગ પર રહ્યા હતા.

આ અગાઉ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે બઢતીમાં અનામત એ મૂળભૂત અધિકાર નથી. હડતાલ પાડતા કર્મચારીઓએ માંગ પણ કરી હતી કે સરકારે સુપ્રીમ કોર્ટના આદેશના પ્રકાશમાં વિભાગીય બઢતી બેઠકો શરૂ કરવી જોઈએ. જનરલ અને ઓબીસી એમ્પ્લોઇઝ એસોસિએશનના પ્રદેશ અધ્યક્ષ દિપક જોશીએ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશો લાગુ નહીં થાય ત્યાં સુધી હડતાલ ચાલુ રહેશે. સમય જતાં, સંઘનું આંદોલન ઉગ્ર બની રહ્યું હતું, જેના કારણે સરકારે આ મામલે તાત્કાલિક નિર્ણય લેવો પડ્યો.

આ ઉપરાંત ત્રીજા આદેશમાં હાઈકોર્ટે સરકારે પ્રમોશનમાં અનામત આપવાની સાથે સાથે ખાલી પડેલી જગ્યાઓની ભરતીમાં પણ અનામત આપવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટના આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર આપવામાં આવ્યો હતો. ૨ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સુપ્રીમ કોર્ટે નૈનીતાલ હાઈકોર્ટે આપેલા આદેશને રદ કરી અરજીઓ પર સુનાવણી હાથ ધરી હતી.

# રેલવેનું ખાનગીકરણ નહિ કરાયઃ સરકારની સ્પષ્ટતા



*ન્યુ દિલ્હી,તા.૧૮*

રેલવે પ્રધાન પીયૂષ ગોયલે રાજ્યસભામાં સ્પષ્ટતા કરી હતી કે ભારતીય રેલવે દેશની જનતાની છે અને તેના ખાનગીકરણની કોઇ યોજના નથી. તેમણે જણાવ્યું હતું કે છેલ્લાં ૧૨ વર્ષ દરમિયાન ભારતીય રેલવેમાં રૂપિયા પચાસ લાખ કરોડનું રોકાણ કરાયું હતું. ગોયલે જણાવ્યું હતું કે હું સ્પષ્ટતા કરવા માગું છું કે ભારતીય રેલવેના ખાનગીકરણની કોઇ યોજના નથી, પરંતુ ટ્રેનના મુસાફરોને વધુ સારી સુવિધા પૂરી પાડવા માટે રેલવેની કેટલીક સેવા ખાનગી કંપનીઓને સોંપાઇ છે.રેલવે પ્રધાને જણાવ્યું હતું કે અમારી સરકાર રેલવેને વિશ્ર્વ કક્ષાની બનાવવા માગે છે. તેમણે અગાઉના રેલવે પ્રધાન અને તૃણમૂલ કૉંગ્રેસનાં વડાં મમતા બેનરજી વખતની રેલવેની કામગીરીના આંકડા આપ્યા હતા, પરંતુ સ્પષ્ટતા કરી હતી કે હું રેલવેને અગાઉ થયેલા નુકસાનના મુદ્દાને રાજકીય સ્વરૂપ આપવા નથી માગતો.

# વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાઃ રસ્તા પર રઝળતી મળી આવી ઉત્તરવહીઓ

*રાજકોટ,તા.૧૮*

રાજકોટથી વીરપુર હાઈવે તેમજ ગોંડલ હાઈવે પર બોર્ડના વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલી ઉત્તરવહીઓ રસ્તા પર રઝળતી સ્થિતિમાં આવી આવતા ખળભળાટ મચી ગયો છે. સમગ્ર વર્ષની મહેનત બદલ આ પરિણામ મળશે તેવો વિદ્યાર્થીઓને સ્વપ્ને પણ ખ્યાલ નહીં આવ્યો હોય. હાઈવે પર બોર્ડના વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ મળતા અનેત તર્કવિતર્ક ઉભા થયા છે. બોર્ડ દ્વારા ઉત્તરવહીઓ એકસ્થળેથી બીજા સ્થળે સલામત રીતે લઈ જવામાં આવતી હોય છે તો પછી વિરપુર અને ગોંડલ હાઈવે પર મળી આવેલી ઉત્તરવહીઓ ઈરાદાપૂર્વક ફેંકવામાં આવી છે કે પછી ઉત્તરવહીઓ લઈ જતી વખતે બેદરકારી દાખવવામાં આવી છે તે તપાસનો વિષય બન્યો છે. જિલ્લા શિક્ષણ અધિકારી પ્રાથમિક તપાસ માટે ઉત્તરવહીઓ મળી આવે તે સ્થળે જવા રવાના થઈ ગયા છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહે આ મામલે જણાવ્યું છે કે ઘટના અંગે તાત્કાલિક તપાસના આદેશ આપવામાં આવ્યા છે. જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.રાજકોટથી વિરપુર તરફ જતા હાઈવે પાસે ઓવરબ્રિજ નજીક બોર્ડના વિદ્યાર્થીઓએ લખેલી ગુજરાતીની ઢગલાબંધ ઉત્તરવહીઓ મળી આવી હતી. આ જ પ્રકારે ગોંડલ હાઈવે પર શિતળા માતાજીના મંદિર પાસેથી ઉત્તરવહીના ત્રણ થેલા મળી આવ્યા હતા. હાઈબોન્ડ સિમેન્ટ કંપનીના ડ્રાઈવરને આ અંગે જાણ થતા તેણે વિદ્યાર્થીઓનું ભાવી ખરાબ ના થાય તે માટે જાણ કરી હતી. કેટલીક ઉત્તરવહીઓ ફાટી ગયેલી સ્થિતિમાં મળી આવેલ છે. પ્રાથમિક તપાસ મુજબ આ ઉત્તરવહીઓ પર બારકોડ લગાવેલા છે અને તે મહેસાણા જિલ્લાના બોર્ડના વિદ્યાર્થીઓએ લખી હોવાનું જણાય છે. જો કે વધુ વિગતો તપાસ બાદ સ્પષ્ટ થઈ શકે તેમ છે.આ થેલા અજીતસિંહ જાદવ નામની વ્યક્તિને સવારના સમયે મળ્યા હતા, જોકે તેઓ જે વાહનમાંથી આ ઉત્તરવહીના પોટલા પડ્યા તેને પરત કરવાનું વિચારે તે પહેલા તો વાહન ઘણું આગળ નીકળી ગયું હતું.

# વિપક્ષ વગર વિધાનસભા કેવી હોય... તે જોવુ હોય તો ચાલો ગ્રહમાં....! ખરેખર..?

(જીએનએસઃ હર્ષદ કામદાર)

વિશ્વ વ્યાપી કોરોના વાયરસે વિશ્વના અનેક દેશોને પોતાની ઝપેટમાં લઈ લેતા કોરોના કેવો ભયાનક રોગ છે કે જેને ૬ હજાર ઉપરાંત લોકોને મોતના મુખમાં ધકેલી દીધા છે. અને ૨ લાખ લોકોને પોતાના ઝડબામા ઝકડી લીધા છે. ત્યારે ભારતમાં કેન્દ્ર સરકારે દરેક રાજ્યોને એલર્ટ કરવા સાથે દેશ ભરની હોસ્પિટલોથી લઈને તમામ પ્રકારના જરૂરી પગલાં દરેક રાજયમાં લેવાતા કોરોના વાયરસની ઓછી અસર રહી છે. પરંતુ આજની તારીખ કે દેશભરમાં કુલ ૧૩૯ કેસ નોંધાયા છે જેમાં ત્રણના મૃત્યુ થયા છે. દેશમામાં કોરોનાની સૌથી વધુ અસર મહારાષ્ટ્ર રાજ્યમાં થઈ છે. પરંતુ ગુજરાત સરકારે કેન્દ્ર સરકાર અને એમ્સ દ્વારા આપવામાં આવેલા નિર્દેશોનું પાલન કરતા ગુજરાતમાં કરોનાથી મોટાભાગના લોકો બચી ગયા છે. ઉપરાંત અનેક ઘરોમાં જીવાણુ નાશક- વાતાવરણ શુદ્ધ કરે તેવા નાના હવન શરૂ થઈ ગયા છે... જે લોકોની જાગૃતિ બતાવી રહ્યા છે. ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે ત્યારે વિધાનસભા સંકુલમાં શાંતિ છવાયેલી રહી છે. તો ગ્રહમાં પણ શાંતિ પ્રસરી ગઈ છે. કોરોનાને કારણે વિધાનસભાની મુલાકાતે લાવવામાં આવતા લોકો પર પાબંધી ફરમાવી દેવામાં આવી છે. અને બીજી તરફ વિપક્ષ કોંગ્રેસે કોરોનાને કારણે વિધાનસભાગૃહમાં ૨૫ ડિસેમ્બર સુધી મોકૂફ રાખવાની માંગણી કરેલ પરંતુ તેનો સ્વીકાર ન થતા કોંગ્રેસના એકપણ ધારાસભ્યો ગૃહમાં આવતા નથી. જેને આજે બીજો દિવસ છે. પરિણામે ગૃહ તો ચાલે છે પરંતુ જેમ શાળામાં શિક્ષક પાઠ વંચાવે અને વિદ્યાર્થી વાંચે અને જવાબ આપતો હોય તેવી સ્થિતી ગૃહમાં પ્રસરી ગઈ છે....! ત્યારે અહીયા જોવા મળે કે આપણા... આપણે ચૂટેલા પ્રતિનિધિઓ ગૃહમાં કેવા પ્રશ્નો પૂછે છે અને કેવી રજૂઆત કરે છે....! એ માણવાનો સમય અત્યારે છે.

આજે પ્રશ્નોત્તરીમાં કુલ ૨૬૬ પ્રશ્નો પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા તેમાં ૧ થી ૧૮ પ્રશ્ન ચાલ્યા હતા... પરંતુ આમાં જેટલા પ્રશ્નો કોંગ્રેસના ધારાસભ્યોએ પુછેલા પ્રશ્નો હતા તેમા આ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યોમાંથી એક પણ ગૃહમાં હાજર ન હતા તેથી ચર્ચા થઈ ન હતી. પરંતુ ૧૦ પ્રશ્નો ચર્ચાયા હતા. વિધાનસભામાં વિપક્ષ કોંગ્રેસના સભ્યો હાજર હોય તો બેહદ સારી રીતે પ્રશ્નોની ચર્ચા થતી હોય છે અને ૪ થી ૭ જેટલા પ્રશ્નોમાં જ પ્રશ્નોત્તરીનો સમય પુરો થઈ જાય છે. પ્રશ્નોતરી કાળ માત્ર એક કલાકનો જ હોય છે. ગૃહમા વિપક્ષ કોંગ્રેસની હાજરી નથી તેથી આકરા- ઠોસ પ્રશ્નો કરનાર કોઇ નથી જેથી મંત્રીઓને અને જે તે મંત્રી ને સહાયરૂપ થતા ગેલેરીમાં બેઠેલા અધિકારીઓને ખુબ જ શાંતિ હતી. તેમના ચહેરા પરની રેખાઓ તંગ રહેતી જોવા મળતી હતી તે બે દિવસથી ગાયબ છે. આ બે દિવસથી પ્રશ્નોત્તરીકાળ પૂરો થતાં અધિકારીઓ ગૃહ બહાર નીકળ્યા ત્યારે બે દિવસ પહેલાની દેખાતી ભારે મુખ મુદ્રાની અવસ્થા દૂર થયેલી અનુભવવા સાથે તેઓના ચહેરા પર શાંતિ ના ભાવ અને હાસ્યસભર ચહેરા જોવા મળતા હતા.....!

# ટોકિયો ઓલિમ્પિક્સને સમયપત્રક અનુસાર યોજવા આઈઓસી મક્કમ




*જિનિવા,તા.૧૮*

ઓલિમ્પિક કમિટીએ એવો દાવો કર્યો છે કે કોરોના વાઈરસ એટલે કે COVID-19 જાગતિક રોગચાળાની અસરની ચિંતા વધી રહી હોવા છતાં આ વર્ષની ઓલિમ્પિક ગેમ્સ અને પેરાલિમ્પિક ગેમ્સ સંબંધિત હાલને તબક્કે કોઈ ધરખમ નિર્ણયો લેવાની કોઈ જરૂર નથી.

કોરોના વાઈરસે ઊભી કરેલી કટોકટીનો સામનો કેવી રીતે કરવો એ વિશે ચર્ચા કરવા માટે IOCના એક્ઝિક્યૂટિવ બોર્ડે આંતરરાષ્ટ્રીય ફેડરેશનો સાથે આજે ટેલિકોન્ફરન્સ યોજી હતી. ત્યારબાદ એણે નિવેદન બહાર પાડ્યું હતું અને એમાં ઉપર મુજબ જણાવ્યું હતું.

નિવેદનમાં જણાવાયું છે કે, ઓલિમ્પિક ગેમ્સ ટોકિયો ૨૦૨૦ યોજવા માટે IOC સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ગેમ્સ શરૂ થવાને હજી ચાર મહિનાનો સમય છે તેથી હાલના તબક્કે ગેમ્સના આયોજન અંગે કોઈ ધરખમ નિર્ણયો લેવાની એને કોઈ જરૂર જણાતી નથી. વળી, હાલને તબક્કે કોઈ અફવાથી પણ નુકસાન થઈ શકે છે.

કોરોના વાઈરસના ફેલાવાને કારણે ઓલિમ્પિક ગેમ્સ ટોકિયો ૨૦૨૦ માટેની તૈયારીઓને માઠી અસર જરૂર પડી છે અને તે અસર રોજેરોજ બદલાઈ પણ રહી છે. પરંતુ, IOCને વિશ્વાસ છે કે દુનિયાભરના સત્તાવાળાઓ જે પગલાં લઈ રહ્યાં છે તે કોવિડ-૧૯ વાઈરસની પરિસ્થિતિને રોકવામાં મદદરૂપ થશે. ટોકિયો ઓલિમ્પિક ગેમ્સ ૨૪ જુલાઈથી ૯ ઓગસ્ટ સુધી ટોકિયો શહેરમાં યોજવાનું નિર્ધારિત છે.

### કોરોના વાયરસના પ્રતિરોધક(અમૃતપેય)નો આયુર્વેદિક ઉકાળો

# ૨૦૦૦ હજારથી વધુ કર્મચારી અને અધિકારીઓ અને અરજદારોએ પીધો




મોડાસા

જિલ્લા સેવા સદન અને જિલ્લા પંચાયત કચેરી મોડાસા ખાતે કલેક્ટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. અનિલ ધામેલીયાએ કચેરીમાં કામ કરતા કર્મચારીશ્રીઓ/અધિકારીશ્રીઓ તથા કચેરીની મુલાકાતે આવતા અરજદારો એમ કુલ ૨૦૦૦ થી પણ વધુ લોકોએ કોરોના વાયરસના પ્રતિરોધક(અમૃતપેય)નો આયુર્વેદિક ઉકાળો પીધો હતો અને કોરોના વાયરસથી બચવા સ્વચ્છતા અને સાવચેતી રાખવા જણાવ્યું હતું

માન.કલેક્ટર સાહેબશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા આરોગ્ય અધિકારીશ્રી સાથે આયુર્વેદિક ઉકાળા વિતરણ કેન્દ્રની મુલાકાત લઈ જિલ્લા સેવા સદન મોડાસા ખાતે આયુર્વેદિક ઉકાળો મામલતદાર કચેરી તથા કલેક્ટર કચેરી સંકુલમની તમામ કચેરીઓના અધિકારીઓ તથા કર્મચારીઓને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું.

### નાના મોટા ધાર્મિક મેળાવડા, ડાયરા ન યોજવા તંત્રની લોકોને અપીલ

# કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાના ભાગરૂપે પાલનપુર ખાતે કલેકટરશ્રી સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

નાના મોટા ધાર્મિક મેળાવડા ન યોજવા બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાના ભાગરૂપે પાલનપુર ખાતે કલેકટરશ્રી સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, નાગરિકોએ કોરોના વાયરસથી બિલકુલ ગભરાવવાની જરૂર નથી પરંતું ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળે તે જરૂરી છે. તેમણે આરોગ્ય વિભાગના અધિકારીઓને સુચના આપતા જણાવ્યું કે, પાલનપુર સીવીલ હોસ્પીટલ સહિત જિલ્લાના તમામ સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય



કેન્દ્રોમાં પુરતી સુવિધાઓ અને દવાઓનો સ્ટોક ઉપલબ્ધ રાખી તાલીમબધ્ધ સ્ટાફને રાઉન્ડ ધ ક્લોક તૈનાત રાખીએ. કલેકટરશ્રીએ સ્વચ્છતા પર ભાર મુકતા જણાવ્યું કે, શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પુરતી સાફ-સફાઇ અને સ્વચ્છતા રાખવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી સૂચનાનો જિલ્લામાં અસરકારક અમલ થાય અને નાગરિકોને જાગૃત કરીએ. તેમણે કહ્યું કે, કોરોના વાઇરસનો ચેપ સામાન્ય રીતે ડ્રોપલેટ ઇન્ફેક્શન એટલે સંક્રમિત વ્યક્તિ કે વસ્તુના સંપર્કમાં આવવાથી લાગતો હોય છે તેમજ સંક્રમિત વ્યક્તિના થૂંકવાના કારણે આ રોગનો ફેલાવો થવાની શક્યતા રહેલી છે. જે ધ્યાને જાહેરમાં થૂંકવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે અને જાહેર સ્થળોએ થૂંકનાર પાસેથી દંડ વસૂલ કરવા તેમણે જણાવ્યું હતું. કલેક્ટરશ્રીએ કહ્યું કે, સારવાર આપનાર સ્ટાફ અને ડૉક્ટરોએ માસ્ક અને ચેપથી બચવાના તમામ સાધનોનો ઉપયોગ ફરજીયાત કરવાનો રહેશે. બધા લોકોએ માસ્ક પહેરવા જરૂરી નથી. પરંતું જે લોકો શંકાસ્પદ છે તેમના પરિવારજનોએ માસ્ક પહેરવા જરૂરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસ સંક્રમિત દર્દીઓની સારવાર માટે બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય તંત્ર દ્વારા પાલનપુર ખાતે સીવીલ હોસ્પીટલમાં ૨૬ બેડનો આઈસોલેશન વૉર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ૧૦ બેડનો ઓઇસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. ડીસા અને થરાદ ખાતે પણ આઈસોલેશન વૉર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાઈરસના લક્ષણવાળો કોઈ દર્દી જોવા મળે તો તેને પ્રાથમિક સારવાર આપી શકાય તેવી તમામ પ્રકારની વ્યવસ્થા આઈસોલેશન વૉર્ડમાં રાખવામાં આવી છે. કોરાના વાયરસના દર્દીઓના સગાવ્હાલાને સારવાર આપવા ડીસા અને છાપી ખાતે ક્વારાઈટીંગ વોર્ડ બનાવાયા છે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયા, પોલીસ અધિક્ષકશ્રી તરૂણ દુગ્ગલ, નિવાસી અધિક કલેકટરશ્રી એલ. બી. બાંભણીયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ર્ડા. મનીષ ફેન્સી અને તમામ તાલુકા હેલ્થ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### રાધનપુર પત્રકાર એસોસિએશન દ્વારા

# સાંતલપુર પીએસઆઈ અને ભુ માફિયા ઓ વિરુદ્ધ તપાસ કરવા આવેદનપત્ર આપવામાં આવ્યું



પાટણ જિલ્લા ના સાંતલપુર તાલુકા ના પત્રકાર સંગઠન એકતા ના મિડીયસેલ કન્વીનર ભગીરથ સિંહ ઉપર સાંતલપુર પોલીસ સ્ટેશન દ્વારા પીએસઆઈ દ્વારા ખોટો કેસ કરતા રાધનપુર તાલુકા સંગઠન દ્વારા આ બાબત વખોડી કાઢી હતી.

ગઈકાલે પત્રકાર દ્વારા જ્યાં ખનન ચાલુ હતું તે સમય દરમિયાન આ ખનન ના વિડીઓ લેતા ભુમાફિયા રેલ કોન્ટ્રકટર ને આ બાબત ની જાણ થતાં સ્થાનિક પીએસઆઈ ને જાણ કરી હતી ત્યારબાદ પીએસઆઈ દ્વારા પત્રકાર ની ખોટી રીતે ધરપકડ કરી જેલ ના હવાલે કોઈ કારણ સર કરવામાં આવ્યો હતો.આ બાબત ની જાણ રાધનપુર પત્રકાર એસિયશન ને થતા નાયબ પોલીસ અધિક્ષક શ્રી,અને નાયબ કલેકટર શ્રી રાધનપુર ને તાલુકા સંગઠન અને જાગૃત નાગરિકો સાથે મળી આવેદનપત્ર આપવામાં આવ્યું છે જેમાં આ રેલ કોન્ટ્રકટર ના વારાહી થી લઈ ને પીપરડા સુધી નાખેલ માટી ની તટસ્થ તપાસ થાય અને સરકારી રોયલ્ટી વસુલય તેમજ વધુ ચોરી થયેલ જણાય તો પીએસઆઈ ની ફરજ પર બેદરકારી દાખવ્યા બદલ કાર્યવાહી થાય તેવી માગણી આવેદનપત્ર માં કરાઈ છે

અને આવા ખોટા કેસ પત્રકારો ઉપર ના કરવામાં આવે તે પણ રજુઆત કરવામાં આવી હતી વધુ માં આ બાબતે તપાસ કરી કાર્યવાહી નહિ થાય તો દિન ૧૦ માં જિલ્લા કક્ષા એ ગાંધી ચીંધ્યા માર્ગે તપાસ માટે બેસવા નું આવેદનપત્ર માં જણાવ્યું છે ત્યારે આ બાબતે કેવા પ્રકારના પગલાં ભરાય છે તે આવનાર સમય બતાવશે

### ગાંધીનગર જિલ્લા કલેક્ટર તંત્રના આદેશના આધારે

# જિલ્લા રોગચાળા વિભાગ દ્વારા જાહેરમાં થુંકનારાઓ સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી

ગાંધીનગર જિલ્લા કલેક્ટર તંત્રના આદેશના આધારે જિલ્લા રોગચાળા વિભાગ દ્વારા બુધવારે જાહેરમાં થુંકનારાઓ સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આરોગ્ય વિભાગની અનેક કર્મચારીઓને સામેલ કરી બનાવાયેલી ૩૨ ટીમ જિલ્લાના તાલુકા મથકોમાં દરોડા પાડવામાં આવ્યા હતાં. તેમાં ઉનાવા, પેથાપુર, કોલવાડા, માણસા અને કલોલ વિસ્તારમાંથી જાહેરમાં થુંકનાર પાસેથી કુલ રૂ. ૩૨ હજારનો દંડ સ્થળ ઉપર વસૂલ કરવામાં આવ્યો હતો. દરેક વ્યક્તિને રૂ.૫૦૦ દંડ ફટકારવામાં આવ્યો હતો.

ઉલ્લેખનિય છે કે તારીખ ૧૭.૩.૨૦૨૦ ના રોજ રાડ્યના પાટનગરમાં હાથ ધરાયેલી ઝુંબેશ દરમિયાન જાહેરમાં થુંકનારાઓ પાસેથી રૂ. ૧૦,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આમ બે દિવસ દરમિયાન કુલ ૪૨,૦૦૦નો દંડ વસૂલ કરી ગાંધીનગર જિલ્લામાં યુદ્ધના ધોરણે જનજાગૃતિ અને પ્રચાર પ્રસાર કરવાની ઝુંબેશ વેગવંતી બનાવાઇ હોવાનું જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા જણાવાયુ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય કેન્દ્ર તરફથી ૧૦૦૦નો દંડ વસૂલ કરાયો છે.

# મોડાસા શહેરમાં વહીવટી તંત્રએ ટ્યુશન કલાસીસ અને કોચિંગ ક્લાસમાં તપાસ આદરી મોલધારકને નોટિસ



અરવલ્લી બ્યુરો મોડાસા

દેશમાં કોરોના વાયરસનો ઝડપી પ્રસાર થઈ રહયો છે.હ્વ કોરોના વાયરસને અટકાવવા ગુજરાત સરકારે મોટો નિર્ણય કર્યો છે.જેમાં ૨૯ માર્ચ સુધી શાળા-કોલેજ ,મોલ-થિયેટર બંધ રાખવા સરકાર દ્વારા આદેશ કરાયા છે.અરવલ્લી જિલ્લાની અંદાજે ૧૨૦૦ થી વધુ પ્રાથમિક શાળા,શૈક્ષણિક સંકુલ તા.૧૬ માર્ચ થી ૨૯ માર્ચ સુધી બે સપ્તાહ માટે બંધ છે મોડાસા નગરપાલિકા તંત્ર પણ કોરોના વાઈરસને લઈને પગલે સતર્ક બની ૭૫ એકમોને નોટિસ ફટકારી હતી તેમ છતાં કેટલાક કોચિંગ અને ટ્યુશન ક્લાસના સંચાલકો અને મોલધારકો રાજ્ય સરકારના આદેશોને ઘોળીને પી જતા ખુલ્લેઆમ ધમધમી રહ્યા હોવાના સમાચાર વિવિધ સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થતા જીલ્લા કલેક્ટરે જીલ્લા શિક્ષણાધિકારી અને પ્રાથમિક શિક્ષણાધિકારીને તપાસના આદેશ કરતા કોચિંગ અને ટ્યુશન કલાસીસની હાટડીઓ ચલાવતા સંચાલકો શટર પાડી રફુચક્કર થઈ ગયા હતા નગરપાલિકા તંત્રએ મોલધારકને નોટિસ ફટકારી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી અરવલ્લી જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર અને વહીવટી તંત્ર કોરોના વાઈરસના પગલે સતર્ક બન્યું છે આરોગ્ય વિભાગ સજ્જ કરી આઈસોલેશન વોર્ડ ઉભા કરવામાં આવ્યા છે ગુજરાત સરકારે પણ રાજ્યમાં શોપિંગ મોલ, સ્કૂલ અને કોલેજ ૩૧મી માર્ચ સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે અરવલ્લી જીલ્લામાં કેટલાક લોભિયા ટ્યુશન સંચાલકો અને મોલ ધારકો છાનાછપને તેમનો ધંધો ચલાવી બાળકો અને લોકોના સ્વાસ્થ્ય સાથે ખિલવાડ કરી રહ્યા હોવાના સમાચાર વિવિધ સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થતા જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે જીલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ર્ડો.એ.કે.મોઢ પટેલને તપાસના આદેશ આપતા બુધવારે વિવિધ ટીમ બનાવી મોડાસા શહેર સહીત જીલ્લામાં ચાલતા કોચિંગ અને ટ્યુશન ક્લાસીસો પર તપાસ હાથધરી હતી પરંતુ શહેરમાં ટ્યુશન અને કોચિંગ ક્લાસીસના સંચાલકો વહીવટી તંત્રથી એક ડગલું આગળ ચાલતા હોય તેમ કોચિંગ અને ટ્યુશન ક્લાસીસને તાળા મારી દઈ રફુચક્કર થઈ ગયા હતા મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્રએ પાલિકાતંત્રની નોટિસને ઘોળીને પી જનારા મોલ ધારકને નોટિસ ફટકારી તાબડતોડ મોલ બંધ કરાવી દીધો હતો અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષણતંત્રએ ફક્ત નગરપાલિકામાં નોંધણી થયેલા ટ્યુશન ક્લાસીસ અને કોચિંગ ક્લાસીસ પર દરોડા પાડ્યા છે પરંતુ રહેણાંક વિસ્તારોમાં ખાનગી મકાનો અને ફ્લેટમાં હજુ પણ ટ્યુશન ક્લાસીસ યથાવત ચાલુ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી

# રાજ્યમાં ચાલુ વર્ષે અકસ્માતોની સંખ્યામાં ૯.૧ ટકાનો ઘટાડોઃ ફળદુ

*ગાંધીનગર,તા.૧૮*

ગુજરાતમાં એસટી બસોની અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થયો હોવાનો દાવો કરતાં વાહન વ્યવહાર મંત્રી આરસી ફળદુએ કહ્યુ છે કે રાજ્યમાં આ વર્ષે અકસ્માતોની સંખ્યામાં ૯.૧૮ ટકાનો ઘટાડો થયો છે. રાજ્યના ૯૯.૬૦ ટકા વિસ્તારમાં ૮૪૯૦ એસટી બસો સાથે ગુજરાત સરકાર રોજના ૨૪ લાખ મુસાફરોની હેરફેર કરે છે.ગુજરાત એસટી નિગમને સેફટી માટે બેસ્ટ રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો છે. રાજ્યમાં નાગરિકલક્ષી સેવાઓ અને સરકારના વિવિધ વિભાગોની કામગીરીના સીધા મોનીટરીંગ માટે વિકસાવેલા સીએમ ડેશબોર્ડ દ્વારા એસટી સેવાનું સતત મોનીટરીંગ થાય છે, જેમાં ઓવર સ્પીડીંગ વાળી બસ સેવાઓની પ્રત્યક્ષ જાણકારી સીધી મુખ્યમંત્રીને મળે છે. ડેશબોર્ડના કારણે એસટીના પ્રાણઘાતક અકસ્માતોની સંખ્યા ઘટી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.દેશભરના માર્ગ વાહન વ્યવહાર નિગમોમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે ૭૫૦૦ ફલીટ સર્વિસનું સંચાલન સલામત-સુરક્ષિત અને ઓછામાં ઓછા અકસ્માતથી કરીને આ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. રાજ્યમાં એક લાખ કિલોમીટરે થતા આવા અકસ્માતનું પ્રમાણ સૌથી ઓછું એટલે કે ૦.૦૬ રહ્યું છે. એસટી બસનો ડ્રાઇવર અકસ્માત કરે તો તેનું લાયસન્સ ૨દ કરી દેવામાં આવે છે.ગુજરાતમાં એરપોર્ટ જેવી ફેસેલિટી ધરાવતા એસટી મથકોની સંખ્યામાં વધારો થયો છે. વાહનવ્યવહાર મંત્રીએ કહ્યું કે હાલ સાત જેટલા બસસ્ટેશનો એરપોર્ટ જેવા બનાવવામાં આવ્યા છે અને વધુ આઠ નવા ટૂંકસમયમાં કાર્યરત થશે.

# કચ્છમાં બેરોજગારો સ્થાનિક ખાનગી ઉદ્યોગો દ્વારા રોજગારીથી વંચિત

રાજ્ય સરકારની ખાનગી ઉદ્યોગોને ફરજ પાડતાં મુખ્યમંત્રી શ્રીએ ઉદ્યોગનીતિ દ્વારા સહાય મેળવતાં કચ્છનાં ઉદ્યોગોમાં કર્મચારી,કામદાર,કારીગરો વર્ગની ઓછામાં ઓછા ૮૫%ની ભરતી સ્થાનિક રહીશોમાંથી કરવી.તેવાં નિયમનાં ઉલ્લંઘન થતાં આવ્યાં છે.

આવા ઉદ્યોગોમાં એકંદરે મેનેજર,સુપરવાઈઝર તથા કર્મચારી,કામદાર અને કારીગર વર્ગ માટે ભરતીમાં સરકારનાં નિયમનો અનાદર ઉલ્લંઘન કરવાંમાં આવે છે.

# અરવલ્લી જિલ્લાના પેન્શનરશ્રીઓએ આવકવેરા સંબધિત બાંહેધરી તેમજ માહિતી મોકલવા બાબત

મોડાસ – બુધવાર

નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના માટે મોડાસા – અરવલ્લી તિજોરી ખાતેથી પેન્શન મેળવતા પેન્શનરશ્રીઓએ આવકવેરાની જુની પધ્ધતિ અથવા નવી પધ્ધતિ મુજબ આવકવેરો માસિક પેન્શનમાંથી કપાત કરવા માટે તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધીમાં તિજોરી કચેરી મોડાસા ખાતે બાંહેધરી પત્ર જમા કરાવવાના રહેશે. નિયત સમય મર્યાદામાં પેન્શનરશ્રીઓ ધ્વારા કોઈ પ્રકારની જાણ ન કરાતા જુની પધ્ધતિ મુજબનો વિકલ્પ પસંદ કરેલ છે.

તેમ માનીને આવકવેરાની માસિક કપાત કરવામાં આવશે, એમ જિલ્લા તિજોરી અધિકારીશ્રી દેવાંગ પટેલની એક અખબારી યાદી દ્વારા જણાવાયું છે.



ગુજરાત સરકાર દ્વારા લેવાયેલ લોકરક્ષક દળની ભરતી પરીક્ષા સરકારને હચમચાવી દીધી હતી. આ ભરતી પ્રક્રિયા અંતર્ગત ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે થયેલ મહિલા ઉમેદવારોના આંદોલનને પગલે સરકાર ભીંસ માં મુકાઈ હતી અને મહિલા ઉમેદવારોની સીટોમાં વધારો કરવાની ફરજ પડી હતી.ત્યારે તાજેતરમાં જાહેર થયેલ એલ.આર.ડી ભરતીની ના પરિણામો જાહેર થયા હતા. જેમાં મહિલા ઉમેદવારોની આ આ ભરતીમાં પસંદગી થવા પામી હતી.ત્યારે આ પરિણામોમાં પુરુષ ઉમેદવારોને અન્યાય થયો હોવાનો સુર ઉઠવા પામ્યો છે.જેનેલઈ એલ.આર.ડી ની ભરતીમાં ટકાવારી હોવા છતાં ભરતી પક્રિયામાં પસંદગીના થયેલ પુરુષ ઉમેદવારો આજરોજ પાટણ જિલ્લા નાયબ કલેકટર ને આવેદનપત્ર આપી ન્યાય આપવા રજુઆત કરી હતી અને ન્યાય નહિ મળે તો આગામી સમયમાં વિધાનસભાનો ઘેરાવો કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.




આજ રોજ પાલનપુર બાર એસોસિયેશન ના પ્રમુખ શ્રી તમામ હોદ્દેદારો તેમજ કમિટી મેમ્બર્સ દ્વારા પાલનપુર ન્યાય સંકુલ માં કોરોના વાયરસ ના અગમચેતી પગલાં રૂપે માસ્ક અને સેનીટાઈજર ની વિતરણ કરવામાં આવ્યું. બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

### કોરોના વાઈરસના નામે લૂંટ...!!

# સાબરકાંઠા જીલ્લા ફૂડ & ડ્રગ્સ વિભાગ માસ્ક,સેનેટાઇઝર વધુ ભાવ ખંખેરતા કેમિસ્ટો સામે તવાઈ

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસનો પ્રકોપ અને દહેશતની વચ્ચે લોકો તેનો ફાયદો ઉઠાવાની કોશિષ કરી રહ્યા છે. કોરોના વાઈરસના પગલે માસ્ક અને સેનેટાઇઝરનો ઉપયોગ માં વધારો થતા રાતોરાત માસ્ક અને સૅનેટાઇઝરના ભાવમાં અનેક ગણો વધારો થઇ ગયો છે. સાથો સાથ કાળાબજાર પણ શરૂ થઇ ગયા છે. માસ્ક (૨ પ્લાઇ અને ૩ પ્લાઇ સર્જીકલ માસ્ક, એન૯૫ માસ્ક) અને હેન્ડ સેનેટાઇઝર શોર્ટેજ જોવા મળી રહી છે

ઉત્તર ગુજરાતમાં કેમિસ્ટો માસ્ક અને સૅનેટાઇઝરના વધુ ભાવ ખંખેરતા હોવાની બૂમો ઉઠતા સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા ફૂડ ॲ ડ્રગ્સ વિભાગે બંને જીલ્લાના હોલસેલ અને રિટેલ વેપારીઓને ત્યાં તપાસ આદરી દીધી છે કોઈ પણ હોલસેલ કેમિસ્ટ કે રિટેલ કેમિસ્ટ એમઆરપી કરતા વધુ ભાવ લેતો ઝડપાશે તો શખ્ત કાર્યવાહી કરવામાં આવશેની ચીમકી ઉચ્ચારી હતી બીજીબાજુ જીલ્લા કેમિસ્ટ એશો. પણ કેમિસ્ટોને ગ્રાહકો પાસેથી વ્યાજબી ભાવે અને

નફા સિવાય વધુ ચાર્જ નહિ વસૂલવા સતત અપીલ કરી રહ્યું છે

ઉત્તર ગુજરાત સહીત સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં કોરોના વાઈરસના ભયના ઓથાર હેઠળ લોકો માસ્ક અને સેનેટાઇઝર મોટી માત્રામાં ખરીદી કરી રહ્યા છે હાલ બજારમાં માસ્ક અને સૅનેટાઇઝરનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબદ્ધ ન હોવાથી શોર્ટેજ સર્જાતા કાળા બજાર શરુ થઈ જતા ગ્રાહકો પાસેથી વધુ નાણાં ખંખેરવામાં આવતા હોવાની બૂમો ઉઠતા સાબરકાંઠા-અરવલ્લી ફૂડ ॲ ડ્રગ્સ વિભાગ તંત્રે બંને જીલ્લાના હોલસેલ અને રિટેલ કેમિસ્ટ દુકાનોમાં તપાસ આદરી દીધી છે કોઈ પણ હોલસેલ કે રિટેલ કેમિસ્ટ ગ્રાહકો પાસેથી માસ્ક અને સૅનેટાઇઝરના વધુ નાણાં ખંખેરતો ઝડપાશે તો તેની સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવશેની માહિતી ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્રના અધિકારીઓ પાસેથી પ્રાપ્ત થઈ હતી ડબ્લ્યૂ.એચ.ઓ એ પેનેડેમીક જાહેર કરેલા નોવેલ કોરોના વાઈરસને લઈને વિશ્વમાં ફેલાયેલી મહામારી સાબરકાંઠા-અરવલ્લી કેમિસ્ટ ॲ ડ્રગીસ્ટ એસોસીએશને પણ હોલસેલ અને રિટેલ કેમિસ્ટ મિત્રોને વિશ્વમાં કોરોના વાઈરસ થી સર્જાયેલ આપત્તિમાં માનવતાના ધોરણે ફેસ માસ્ક કે સેનેટાઇઝરના વેચાણમાં ન્યુનતમ નફો લઈ વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવેની સતત અપીલ કરવામાં આવી રહી છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.